RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા　પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧　મંગળવાર, તા.૦૯-૦૪-૨૦૨૪　અંક : ૨૧૨ વર્ષ : ૨૧　e-mail : sauaajtak@gmail.com　કિંમત રૂ. ૨-૫૦　પાના - ૮

# ઓલ ટાઈમ હાઈ : સેન્સેક્સ 74600ની સપાટીને પાર

## માર્કેટ કેપીટલ પણ પ્રથમ વખત ૪૦૦ લાખ કરોડને પાર

મુંબઈ,
શેરબજાર આજે રેકોર્ડ હાઈ પર ખુલ્યું છે અને સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈ પર ખુલ્યો છે. BSE સેન્સેક્સ ૩૦૭.૨૨ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકાના વધારા સાથે ૭૪,૫૫૫.૪૪ પર ખુલ્યો. NSEનો નિફ્ટી ૬૪.૬૫ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકાના વધારા સાથે ૨૨,૫૭૮.૩૫ના સ્તર પર ખુલ્યો. આજે, BSE સેન્સેક્સ પ્રથમ વખત ૭૪૬૦૦ની સપાટીને પાર કરી ૭૪,૬૫૮.૯૫ની નવી ઐતિહાસિક ટોચને સ્પર્શી ગયો છે. જ્યારે NSEનો નિફ્ટી પ્રથમ વખત ૨૨,૬૨૩.૯૦ના સ્તર પર પહોંચી ગયો છે. આજના સ્તરો બંને સૂચકાંકોના સર્વોચ્ચ સ્તર છે.



આ સિવાય માર્કેટ કેપમાં પણ નવો રેકોર્ડ સર્જાયો હતો અને તે ૪૦૦ લાખ કરોડને પાર થઈ ગયું હતું.

ભારતીય શેરબજારમાં આજે નવા સપ્તાહના પ્રારંભે તેજીનો દૌર જારી રહ્યો હતો. વિશ્વ બજારના પોઝીટીવ ટ્રેન્ડ તથા ભારતીય અર્થતંત્ર વિશે પ્રોત્સાહક રીપોર્ટને પગલે શરૂઆત જ ગેપઅપ રહી હતી. હેવીવેઈટથી માંડી રોકડાના શેરોમાં ધુમ લેવાલીથી મોટા ભાગના શેરો સતત તેજીના માર્ગે આગળ દોડતા રહ્યા હતા. નાણાં સંસ્થાઓની એકધારી ધુમ લેવાલીની પણ અસર રહી હતી.શેરબજારે આજે વધુ એક સિધ્ધિ હાંસલ કરી હોય તેમ માર્કેટ કેપ ૪૦૦ લાખ કરોડને પાર થઈ ગયું હતું. આજે કામકાજના પ્રારંભિક તબકકામાં જ બીએસઈનું માર્કેટ કેપ ૪૦૧.૨૪ લાખ કરોડ પર પહોંચી ગયું હતું. પ્રથમ વખત માર્કેટ કેપે આ ઉંચાઈ હાંસલ કરી છે. ભારતીય શેરબજારમાં સૌપ્રથમ માર્ચ-૨૦૧૪માં ૧૦૦ લાખ કરોડનું માર્કેટ કેપ થયું હતું.

હવે એપ્રિલ-૨૦૨૪માં તે ૪૦૦ લાખ કરોડને વટાવી ગયું છે તે જોતા ૧૦ વર્ષમાં ચારગણુ થયું છે.

# રૂપાલા વિવાદ ફરી દિલ્હી દરબારમાં

## તટસ્થ અગ્રણીઓને દિલ્હી બોલાવવાની ચર્ચા : રૂપાલાએ પ્રચાર કરતા ક્ષત્રિય સમાજે વધુ આકરૂ વલણ લીધું

નવીદિલ્હી,
ગુજરાતમાં રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલાના વિવાદી વિધાનો પર ક્ષત્રિય સમાજે માંડેલા મોરચામાં હવે સમાધાનની કોઈ આશા ન દેખાતા ગુજરાત ભાજપ મોવડીમંડળ ફરી એક વખત હવે નિર્ણય દિલ્હી પર ઠેલ્યો છે.

એક તરફ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પોતે ઉમેદવારી કરવા જઈ રહ્યા છે અને તેઓ હાજરી આપવા ભરી સભામાં આમંત્રણ આપી દીધું છે પણ ગઈકાલે જે રીતે ધ્રાંગધ્રામાં ક્ષત્રિય સમાજનું વિશાળ સંમેલન મળ્યુ અને તેમાં પણ આર-પારની લડાઈના ટંકાર થયા પછી ગાંધીનગરમાં ફરી એક વખત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના નિયમો ભાજપના ક્ષત્રિય આગેવાનોની બેઠક મળી હતી. તેમાં કોઈ ઉકેલ શોધવા અથવા ક્ષત્રિય આંદોલનનો રાજકીય મુકાબલો કઈ રીતે કરવો તે અંગે ચર્ચા થઈ છે પણ મૂળ પ્રશ્ર્ન તો રૂપાલાની ટિકીટ રદ કરવાનો છે તે અંગે તો દિલ્હી જ નિર્ણય લઈ શકે.



ભાજપના વધુ કાર્યક્રમોમાં ક્ષત્રિય આંદોલનકારીઓ વિરોધ પ્રદર્શન કરે તેવી સ્થિતિ છે અને તેથી અનેક બેઠકોમાં વિરોધ અને અનેક ગામોમાં રૂપાલા મુદે ભાજપને પ્રવેશબંધી થઈ છે તે પણ મોવડીમંડળ માટે ચિંતા છે.

# બોટ પલટી જતા ૯૧ના મોત, અનેક ગુમ

## કોલેરાના રોગથી બચવા માટે બોટ દ્વારા પલાયન કરી રહ્યા હતા

મોઝામ્બિક.
પૂર્વ આફ્રિકાના દેશ મોઝામ્બિકમાં રવિવારે મોડી રાત્રે એક બોટ ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૯૧ લોકોના મોત થયા હતા. તેમાં ઘણા બાળકો પણ સામેલ છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે.

બ્રિટિશ મીડિયા બીબીસીના જણાવ્યા અનુસાર, ફિશિંગ બોટમાં ૧૩૦ લોકો સવાર હતા, જે તેની ક્ષમતા કરતા વધુ હતા. જેમાંથી ૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હજી ઘણા લોકો ગુમ છે. આ લોકો મોઝામ્બિકના નામપુલા પ્રાંતના લુંગા શહેરથી મોઝામ્બિકના મુખ્ય ટાપુ પર જઈ રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ કોલેરાના રોગથી બચવા માટે પલાયન કરી રહ્યા હતા. આ ઘટના સાથે જોડાયેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આમાં લોકોને બચાવવામાં આવી રહ્યા છે અને દરિયા કિનારે ઘણા મૃતદેહો પડેલા દેખાય છે.



નમપુલા પ્રાંત કોલેરાના પ્રકોપથી સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાંતોમાંનો એક છે. આ રોગ જાન્યુઆરી ૨૦૨૩થી દક્ષિણ આફ્રિકાના ઘણા દેશોમાં ફેલાયો છે. કોલેરા ફેલાવવાનું મુખ્ય કારણ દૂષિત ખોરાક અને પાણી છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો થોડા કલાકોમાં મૃત્યુ થઈ શકે છે. યુનિસેફના જણાવ્યા મુજબ, હાલમાં ફાટી નીકળેલો રોગચાળો ૨૫ વર્ષમાં સૌથી ભયંકર છે. ઓક્ટોબર ૨૦૨૩થી મોઝામ્બિકમાં કોલેરાના ૧૩,૭૦૦ કેસ નોંધાયા છે. ૩૦ લોકોના મોત થયા છે. લગભગ ૪૦૦ વર્ષો સુધી, મોઝામ્બિક ટાપુ પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકાની રાજધાની હતી.

# કે. કવિતાને ના મળી રાહત

## રાઉઝ એવન્યુ કોર્ટે ફગાવી જામીન અરજી

નવીદિલ્હી,
ભારતીય રાષ્ટ્ર સમિતિ નેતા અને તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી કે.ની દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ચંદ્રશેખર રાવની પુત્રી કે. કવિતાને રાઉઝ એવન્યુ કોર્ટમાંથી રાહત મળી નથી. કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી છે. કવિતાએ તેના ૧૬ વર્ષના પુત્રની ચાલી રહેલી પરીક્ષાઓને ટાંકીને વચગાળાના જામીનની માંગણી કરી હતી. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કવિતા અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી હાજર રહેલા વકીલની દલીલો સાંભળ્યા બાદ ૪ એપ્રિલે પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. કોર્ટે આજે ચુકાદો જાહેર કર્યો હતો.સુનાવણી દરમિયાન કવિતા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ પીએમએલએની કલમ ૪૫ અને મહિલાઓને અપવાદ આપતી જોગવાઈનો ઉલ્લેખ કર્યો હતો. સિંઘવીએ પોતાની દલીલમાં કહ્યું હતું કે, 'એવું નથી કે બાળક ખોળામાં છે કે નાનો છે, તેની ઉંમર ૧૬ વર્ષ છે. પરંતુ અહીં મુદ્દો અલગ છે. આ તેના બાળક માટે માતાના નૈતિક અને ભાવનાત્મક સમર્થનનો મુદ્દો છે.

# ગુજરાતમાં મતદાનના દિવસ ૭મી મેએ રજા જાહેર કરાઈ

અમદાવાદ,
લોકસભાની ચૂંટણીના ગુજરાતમાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે. આ દિવસે વધુ મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો પૂરો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત સરકારે ૭મી મેએ સત્તાવાર રજા જાહેર કરી છે. ધોમ ઉનાળો તપી રહ્યો છે ત્યારે આ દિવસોમાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પણ સરકારે પુરી વ્યવસ્થા કરી છે. વધુમાં સાતમી સત્તાવાર રજા જાહેર કરાઈ હોઈ આ દિવસે રાજ્ય સરકારના અને અન્ય કર્મચારીઓને ફરજિયાત રજા આપવાની રહેશે. ઉલ્લેખનીય છે કે આ રજા પેડ રજા તરીકે સરકારે જાહેર કરી છે.

# યુરોપના સૌથી મોટા ન્યૂક્લિયર પ્લાન્ટ પર હુમલો

યુક્રેન,
રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે એક નવો ખતરો ઉભો થયો છે. સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) એ ઝાપોરિઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર ડ્રોન હુમલાની જાણકારી આપી છે. એજન્સીએ કહ્યું છે કે ઝાપોરોજ્યે પ્લાન્ટના છ પરમાણુ રિએક્ટરમાંથી એક પર ડ્રોન હુમલાને કારણે મોટી પરમાણુ દુર્ઘટનાનું જોખમ વધી ગયું છે.

IAEAના વડા રાફેલ મારિયાનો ગ્રોસીએ કહ્યું કે ઝાપોરિઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટના મુખ્ય રિએક્ટર કન્ટેઈનમેન્ટ સ્ટ્રક્ચર પર ઓછામાં ઓછા ત્રણ સીધા હુમલા થયા છે.નવેમ્બર ૨૦૨૨ પછી આ પ્રકારનો આ પહેલો હુમલો છે. IAEA એ એક નિવેદન બહાર પાડીને પ્લાન્ટના છ રિએક્ટરમાંથી એક પર ડ્રોન હુમલાની પુષ્ટિ કરી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હુમલામાં એક વ્યક્તિ ઘાયલ થયાના પણ અહેવાલ છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે યુનિટ-૬ને થયેલા નુકસાનને કારણે પરમાણુ સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરવામાં આવી નથી, પરંતુ આ એક ગંભીર દુર્ઘટના છે જેમાં રિએક્ટરની કન્ટેઈનમેન્ટ સિસ્ટમ નબળી પડી જવાની શક્યતા છે. ઝાપોરિઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માર્ચ ૨૦૨૨ થી રશિયાના કબજામાં છે. રશિયન અધિકારીઓનું કહેવું છે કે યુક્રેનની સેનાએ પ્લાન્ટ સાઈટ પર હુમલો કર્યો છે. પ્લાન્ટના અધિકારીઓ દાવો કરે છે કે કોઈ ગંભીર નુકસાન કે જાનહાનિ થઈ નથી. હુમલા બાદ રેડિયેશનનું સ્તર પણ સામાન્ય રહ્યું હતું. જોકે, રવિવારે રશિયાની સરકારી પરમાણુ એજન્સી રોસાટોમે પ્લાન્ટની કેન્ટીન પાસે ડ્રોન હુમલો કર્યો હતો, જેમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા.

# થાણેમાં ગુજરાતી બિલ્ડરના બંગલામાં રૂ.૧૯.૯૦ લાખની દિલધડક લૂંટ

મુંબઈ,તા.૮
થાણે જીલ્લાના યેઉરમાં ૫૦ વર્ષીય ગુજરાતી બિલ્ડરના ઘરનમાં ઘુસીને ૬ શખ્સોએ બંદૂકની ધાક બતાવીને ૧૯.૯૦ લાખની માલમતાની લૂંટ ચલાવી હતી. જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીઓ ભાગી જતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને પગલે યેઉરમાં ભય સાથે સનસનાટી ફેલાઈ ગઈ છે.

આ બનાવની વિગત મુજબ યેઉરમાં ગુજરાતી બિલ્ડર ફાર્મહાઉસ ધરાવે છે. જ્યાં મંકી કેપ પહેરીને આવેલા છ શખ્સોની સશસ્ત્ર ટોળકીએ બંદૂકની ધાક બતાવીને લૂંટ ચલાવી હતી. જેમાં દોઢ લાખ રૂપિયા રોકડા, ડાયમંડ, અને પ્લેટિનિયમ તથા સોનાના દાગીના મળીને ૧૯.૯૦ લાખની દિલધડક લૂંટ ચલાવી હતી.

# કામદારો માટે ગરમી ઘાતક બની શકે છે: જૂન સુધી તાપમાન સામાન્ય કરતા વધુ રહેવાની ધારણા

નવીદિલ્હી,તા.૮
ભારતીય હવામાન વિભાગે બહાર કામ કરતા કામદારો અંગે ચિંતા વ્યક્ત કરી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વખતે ભેજવાળી ગરમી બહારના મજૂરોને સૌથી વધુ અસર કરી શકે છે. તેને જોતા સંશોધકોનું કહેવું છે કે આ વખતે ગરમી ખેતી, બાંધકામ અને અન્ય બહારના કામમાં રોકાયેલા મજૂરો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. તેનાથી બચવા માટે તેમણે કામના કલાકો ઘટાડવા અને આરામ કરવા જેવા ઉપાયો સૂચવ્યા છે.

ભારતીય હવામાન વિભાગે એપ્રિલથી જૂન સુધી સામાન્ય તાપમાન કરતાં વધુ રહેવાની આગાહી કરી છે. તેની અસર દેખાવા લાગી છે અને મેદાની વિસ્તારોમાં તાપમાન વધવા લાગ્યું છે.સિવિલ એન્જિનિયરિંગ અને અર્થ સાયન્સના પ્રોફેસરે જણાવ્યું હતું કે સૂકી ગરમી સહન કરવી સરળ છે. આમાં, તમે પાણી પીતા જ શરીર ઠંડુ થઈ જાય છે, પરંતુ જ્યારે ભેજવાળી ગરમી હોય છે, ત્યારે બાષ્પીભવન ઓછું થાય છે અને શરીરને ઠંડુ થવામાં સમય લાગે છે. તેમણે કહ્યું કે આવા હવામાનમાં શારીરિક શ્રમ કરવાથી શરીરનું તાપમાન એવા સ્તરે પહોંચી જાય છે જ્યાં મૃત્યુ પણ થઈ શકે છે.

# દિલ્હી એરપોર્ટ પર વિસ્ફોટની ધમકી આપનારા બે ઝડપાયા

## પોલીસ તરફથી હજુ સુધી આ બન્ને મુસાફરોના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી

નવીદિલ્હી,
દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એરપોર્ટને પરમાણુ બોમ્બથી ઉડાવવાની ધમકી આપનારા બે મુસાફરોની અટકાયત કરવામાં આવી છે. દિલ્હી પોલીસે તેની જાણકારી આપી છે. પોલીસે જણાવ્યું કે ૫ એપ્રિલે દિલ્હીના IGI એરપોર્ટ પર વિમાનમાં ચઢતા પહેલા મુસાફરોની તપાસ કરવામાં આવતી હતી. આ દરમિયાન બે મુસાફરોએ સિક્યુરિટી સ્ટાફને એરપોર્ટને પરમાણુ બોમ્બથી ઉડાવવાની ધમકી આપી હતી.પોલીસે જણાવ્યું કે એરપોર્ટ પર વિસ્ફોટની ધમકી આપવાના આરોપમાં બન્ને મુસાફરોની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે બન્ને વિરૂદ્ધ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૮૨/૫૦૫ (૧) બી હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી. જોકે પોલીસ તરફથી હજુ સુધી આ બન્ને મુસાફરોના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી.

# મેનિફેસ્ટો પર પીએમ મોદીની ટિપ્પણીઓ વિરુદ્ધ કોંગ્રેસે ચુંટણી પંચમાં ફરિયાદ નોંધાવી

નવીદિલ્હી,તા.૮
કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ સોમવારે દિલ્હીમાં ચૂંટણી પંચ કાર્યાલય પહોંચ્યું હતું. પ્રતિનિધિમંડળે પક્ષના ઢંઢેરાના સંદર્ભમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુસ્લિમ લીગ પરની ટિપ્પણી સહિત અનેક મુદ્દાઓ અંગે ફરિયાદ કરી હતી અને પગલાં લેવાની માંગ કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડા, પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદ અને અન્ય ઘણા લોકો સામેલ હતા.

ખુર્શીદે કહ્યું, "વડાપ્રધાન તેમના ભાષણોમાં જે કહે છે તેનાથી અમને ખૂબ જ દુઃખ થયું છે. તેમણે અમારા મેનિફેસ્ટો વિશે જે કહ્યું છે તે જૂઠાણાંનું પોટલું છે. અમને આનાથી ખૂબ જ દુઃખ થયું છે. તમે કોઈપણ અન્ય પક્ષના મેનિફેસ્ટો પર અસંમત ન થઈ શકો. તમે રાખી શકો છો.તમે તેના પર ચર્ચા કરી શકો છો.તમે તેનું વિશ્લેષણ કરી શકો છો.પરંતુ રાષ્ટ્રીય ચળવળ સાથે સંકળાયેલી રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીના મેનિફેસ્ટો વિશે આવું કહેવું જુઠ્ઠાણાઓનું પોટલું છે.જ્યારે ખૂબ જ સારો મેનિફેસ્ટો લખવામાં આવ્યો છે. " પૂર્વ કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું કે, અમે આ બાબતથી ખૂબ જ દુખી છીએ અને અમે સમજીએ છીએ કે વડાપ્રધાનને આવી વાત કરવાનો કોઈ અધિકાર નથી.

# રાહુલને લાગે છે કે તે બધું જ જાણે છે : પ્રશાંત કિશોર

**PKએ કહ્યું, રાહુલે બ્રેક લેવો જોઈએ :૧૦ વર્ષની નિષ્ફળતા બાદ પણ કોઈને પાર્ટી ચલાવવા દીધી નથી**

નવીદિલ્હી,
જો કોંગ્રેસને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ધાર્યા પ્રમાણે પરિણામ નહીં મળે તો રાહુલ ગાંધીએ રાજકારણમાંથી બ્રેક લેવાનું વિચારવું જોઈએ. રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી. પ્રશાંતે કહ્યું- રાહુલ ગાંધી છેલ્લા ૧૦ વર્ષથી કોંગ્રેસને જીતવા માટે નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે. આ હોવા છતાં, તેમણે ન તો પોતાની જાતને રાજનીતિથી દૂર કરી અને ન તો અન્ય કોઈને પાર્ટીનો ચહેરો બનવા દીધો. મારા મતે આ લોકશાહી નથી. પ્રશાંતે કહ્યું- જ્યારે તમે (રાહુલ ગાંધી) છેલ્લા ૧૦ વર્ષથી એક જ કામ કરી રહ્યા છો અને તેમાં કોઈ સફળતા મળી નથી, તો બ્રેક લેવામાં કોઈ નુકસાન નથી. તમારે પાંચ વર્ષ બીજા કોઈને કરવા દેવા જોઈએ. પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની હત્યા બાદ સોનિયા ગાંધીએ શું કર્યું? ૧૯૯૧માં તેમણે રાજનીતિથી દૂરી લીધી હતી. કોંગ્રેસની કમાન પીવી નરસિમ્હા રાવને આપવામાં આવી હતી. તેનું પરિણામ તમે બધા જાણો છો.પ્રશાંત કિશોરે કહ્યું- દુનિયાભરમાં સારા અને મહાન નેતાઓની વિશેષતા છે. તેઓ જાણે છે કે તેમની પાસે શું અભાવ છે. તેઓ હંમેશા તેમની ખામીઓ અને અપૂર્ણતાને સુધારવાનો પ્રયાસ કરતા હોય છે.



, પરંતુ રાહુલને લાગે છે કે તે બધું જ જાણે છે. તેમણે કહ્યું- જો તમે મદદની જરૂરિયાતને ઓળખતા નથી, તો કોઈ તમારી મદદ નહીં કરી શકે. હું માનું છું કે રાહુલ ગાંધીને લાગે છે કે તેમને કોઈ એવી વ્યક્તિની જરૂર છે જે તેમને જે યોગ્ય લાગે તે કરી શકે. તે શક્ય નથી.

# શિવશંકર ચૈતન્ય ભારતીનું નિધન

## સંત પરંપરા માટે આ મોટી ખોટ છે પીએમ મોદીએ વ્યક્ત કર્યો શોક

વારાણસી,
ભગવાન વિશ્વનાથના પરમ ભક્ત સંત શ્રી શિવશંકર ચૈતન્ય ભારતીનું નિધન થયું છે. પીએમ મોદી અને યુપીના સીએમ યોગી આદિત્યનાથે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું, 'કાશીથી ભગવાન વિશ્વનાથના મહાન ભક્ત સંત શ્રી શિવશંકર ચૈતન્ય ભારતીજીના મહાન નિધનના દુઃખદ સમાચાર મળ્યા. તેઓ બાબા વિશ્વનાથની સેવામાં મંગળા આરતીમાં સતત હાજર રહેતા હતા. તેમના જવાથી કાશીની સંત પરંપરાને મોટી ખોટ પડી છે. સંત શ્રી ભારતીજી મહારાજને તેમના શિવ સ્વરૂપે વિસર્જન કરવા પર નમ્ર શ્રદ્ધાંજલિ. ઓમ શાંતિ!'

# જિલ્લા કક્ષાએ ઉમેદવારોના ખર્ચ નિયંત્રણ સબંધી ફરીયાદ માટે ૨૪X૭ ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૨૮૯૨ પર સંપર્ક કરવા અનુરોધ

## ચૂંટણી લગત અન્ય જાણકારી માટે હેલ્પલાઈન ૧૯૫૦નો સંપર્ક કરવો

(અતુલ કારિયા) અમરેલીઃ

જિલ્લામાં નોંધાયેલ મતદારો મતદારયાદીમાં પોતાના નામની વિગતોની ચકાસણી કરવા તેમજ મતદારયાદીમાં નવું નામ દાખલ કરવા માટે કરવામાં આવેલ અરજી તથા સુધારા વધારા માટે કરવામાં આવેલ અરજીની વિગતોની પૃચ્છા કરવા માટે તથા ચૂંટણીકાર્ડ સંબંધી જરુરી માહિતી મેળવવા માટે ૧૯૫૦ હેલ્પલાઇન નંબર પરથી માહિતી મેળવી શકશે.

મતદારો પોતાનું નામ કયા વિધાનસભા મતવિસ્તારમાં કયા મતદાન મથક ખાતે નોંધાયેલ છે તેમજ મતદાન મથક કયાં આવેલ છે તેની વિગતોની ખરાઇ કરવા તથા ચૂંટણી લગત અન્ય જાણકારી ૧૯૫૦ હેલ્પલાઈન પરથી મેળવી શકાશે.

જિલ્લા કક્ષાએ ઉમેદવારોના ખર્ચ નિયંત્રણ સંબંધી ફરિયાદ માટે ૨૪૭૭ ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૨૮૯૨ કાર્યરત છે. જિલ્લાના નાગરિકો આચારસંહિતા લગત ફરિયાદ નોંધાવી શકે છે. આચારસંહિતાના સમયગાળા દરમિયાન કોઇ વ્યક્તિ દ્વારા મતદારોને લોભાવવા માટે રોકડ રકમનું વિતરણ, ભેટ-સોગાદો આપવી, લોભામણી ચીજ વસ્તુઓનું વિતરણ, પેઇડ ન્યૂઝ વિગેરે જેવી ઘટના/માહિતી બનતી હોય તો તે અંગેની ફરિયાદ ઉપરોક્ત ટોલ ફ્રી નંબર મારફત જિલ્લા કંટ્રોલ રુમમાં નોંધાવી શકાશે.

C-VIGIL ભારતના ચૂંટણીપંચ દ્વારા મોબાઇલ એપ્લિકેશન (એન્ડ્રોઇડ/IOS) C-VIGIL લોન્ચ કરવામાં આવ્યું છે. જે એપ્લિકેશન મારફત કોઇપણ નાગરિક આચારસંહિતા તથા ખર્ચ વિષયક નીચેની વિગતની ફોટોગ્રાફ-વિડીયોગ્રાફી સાથેની કોઇપણ ફરિયાદ અપલોડ કરી શકશે.

ખુલ્લેઆમ હથિયારો સાથે ફરવું, દારુ તથા ડ્રગ્સનું અને રોકડ રકમનું વિતરણ, સરકારી તથા ખાનગી મિલકત પર પરવાનગી વિના રાજકીય પક્ષો/ચૂંટણી લડતા ઉમેદવારોના ભીંતચિત્રો, ચોપાનીયા, પોસ્ટરનું પ્રદર્શન, મફત ચીજવસ્તુઓનું વિતરણ, પેઇડ ન્યૂઝ, જાતિગત ભડકાઉ ભાષણો, ધાક-ધમકી સહિતની વિગતે રજૂ થયેલ ફરિયાદનું ફ્લાઇંગ સ્કવોડ દ્વારા ૧૦૦ મિનિટમાં જે-તે સ્થળ પર પહોંચી તુરંત નિકાલ કરવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા ચૂંટણી તંત્રની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શાણાવાંકિયાના કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીના ૧૯થી વધુ આગેવાનો- કાર્યકરો ભાજપમાં જોડાયા



ઉનાઃ

ગીરગઢડા તાલુકાના શાણા વાંકિયા ગામમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના કે. સી. રાઅધ્યક્ષ સ્થાને કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીના ૧૯ થી વધુ સામાજિક આગેવાનો તેમજ કાર્યકરો સહિત બહોળી સંખ્યામાં ભાજપમાં વિધિવત રીતે જોડાયા હતા. ધારાસભ્યના વરદ હસ્તે તમામ કાર્યકરોને કેસરીયો ખેસ પહેરાવી ભારતીય જનતા પાર્ટીમાં આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, ગોકુળભાઈ ચોવટીયા સહિતના આગેવાનો લોકો અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાણાવાંકિયા ગામના અરજણભાઈ સાખટ પૂર્વ સરપંચ, સુરેશભાઈ સાંખટ કન્વીયર સોશિયલ મીડિયા કોંગ્રેસ પ્રમુખ, રામભાઈ વાઘેલા પટેલ કોળી સમાજ, દાદુભાઈ વાઘેલા, દુદાભાઈ સાંખટ, બીજલભાઈ બાંભણીયા, આતુભાઈ સાંખટ, વિજયભાઈ સાભડ આપ સદસ્ય, દિનેશભાઈ લક્કડ આપ સદસ્ય, જેરામભાઈ ચોવટીયા આપ સદસ્ય, શામજીભાઈ વાઘેલા, મનુભાઈ ગેડિયા, મનુભાઈ સાંખટ, ગોવિંદભાઈ સાંખટ, અનુભાઈ મકવાણા, વિહાભાઈ પરમાર, મનસુખભાઈ ભાલીયા, હસમુખભાઈ સાંખટ, તેમજ શિવાભાઈ આહીર સહીતના કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીના આગેવાનો, કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. આ તમામ આગેવાનો કાર્યકરોને ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડે કેસરિયો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

# અમરેલીમાં ઔદ્યોગિક વિસ્તારમાં મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો,અચૂક મતદાન કરવા અનુરોધ




અમરેલીઃસિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEË) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક સંસ્થામાં કામ કરતા કામદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં 'મતદાન જાગૃત્તિ' કાર્યક્રમ યોજાયો હતો.

અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને મતદારો ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયામાં જોડાય તે માટે યોજાયેલા આ જાગૃત્તિ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યુ કે, લોકસભાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં કેટલાક બુથ પર મહિલા મતદારોનું મતદાન ઓછું હતું. કેટલાક બુથ પર ૫૦ ટકાથી ઓછું મતદાન હતું ત્યારે આ લોકસભા સામાન્ય ચૂંટણીમાં દરેક બુથ પર મહિલા અને પુરુષ મતદારોનું મતદાન સમાન ટકાવારીમાં થાય અને તમામ બુથ પર વધુમાં વધુ વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચના નિર્દેશ મુજબ ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

અમરેલી પ્રાંત અધિકારીશ્રીએ જણાવ્યુ કે, દરેક કામદારો મતદાનની જાગૃત્તિ પ્રસરાવે. પોતાના પરિવાર ખાસ કરીને પરિવારના મહિલાઓ પણ અવશ્ય મતદાન કરે. જે કામદારોના તા.૧ એપ્રિલ, ૨૦૨૪ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ થયા છે પરંતુ મતદાર તરીકે નોંધણી કરાવી નથી તે આગામી તા.૧૨ એપ્રિલ સુધી મતદાર તરીકે નોંધણી કરાવી શકશે.

કાર્યક્રમના પ્રારંભે શ્રી ભુવાએ અધિકારીશ્રીઓનું સ્વાગત કર્યુ હતુ. કામદારોને મતદાન માટેનો સમય ફાળવી આપવામાં આવશે તે બાબતે જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વીપ નોડલ અધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગોહિલ, મામલતદારશ્રી અમરેલી, જિલ્લા ચૂંટણીતંત્રના કર્મયોગીઓ અને શ્રમિકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત કામદારોએ મતદાન જાગૃત્તિના શપથ લીધા હતા. સહી અભિયાનમાં જોડાઈ મતદાન કરવા સંકલ્પ કર્યા હતા.

# ભાજપમાં ભરતી મેળો યથાવત, કોંગ્રેસને વધું મોટો એક ઝટકો

## ઉનાના સોનારી ગામના ૧૦થી વધુ કોંગ્રેસ કાર્યકરો તથા આગેવાનો ભાજપમાં જોડાયા

કૈલેશ ભટ્ટ :

ઉનાના સોનારી ગામમાં કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સહિતના લોકો ભાજપમાં જોડાયા હતા. તમામ કાર્યકરોને ધારાસભ્ય હસ્તે કેસરીયો ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ કાર્યક્રમમા બહોળી સંખ્યામાં ગામના આગેવાનો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સોનારી ગામમાં ઉના-૯૩ વિધાનસભાના ધારાસભ્ય કે. સી. રાઠોડના અધ્યક્ષ સ્થાને કોંગ્રેસ કાર્યકરો તથા સામાજિક આગેવાનો સહિત ૧૦ થી વધુ લોકો ભાજપમાં વિધિવત રીતે જોડાયા હતા. ધારાસભ્યના વરદ હસ્તે તમામ આગેવાનો તથા કાર્યકરોને કેસરીયો ખેસ પહેરાવી ભારતીય જનતા પાર્ટીમાં આવકાર્યા હતા. આમ છેલ્લા બે દિવસમાં કુલ ૩૦થી વધુ કોંગ્રેસ કાર્યકરો તથા આગેવાનો ભાજપમાં જોડાયા હતા.

આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, જિલ્લા પંચાયત સદસ્ય લખમણભાઈ બાંભણીયા, તાલુકા પૂર્વ પ્રમુખ સામતભાઈ ચારણીયા, સોનારી ગામના પૂર્વ સરપંચ કાળુભાઈ ઉકાભાઈ ચૌહાણ સહિતના આગેવાનો અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સોનારી ગામના ઉપ સરપંચ રૂખડભાઈ વિરાભાઈ ડાભી, સદસ્ય શાંતુબેન રૂખડભાઈ ડાભી , સદસ્ય અરવિંદભાઈ ભીખાભાઈ પરમાર, પરેશભાઈ રૂખડભાઈ ડાભી, નગાભાઈ જગાભાઈ ચૌહાણ, પૂર્વ સરપંચ ભાણાભાઈ જગાભાઈ સોલંકી, રામભાઈ ગાંડાભાઈ ચારણીયા, કુંભાભાઈ રાણાભાઈ સોલંકી, નાનુભાઈ રાણાભાઈ સોલંકી, તેમજ કાનાભાઈ રામભાઈ ડાભી સહીતના કોંગ્રેસ કાર્યકરો તથા આગેવાનો ભાજપમાં જોડાયા હતા. આ તમામ આગેવાનો કાર્યકરોને ધારાસભ્ય કે સી રાઠોડે કેસરિયો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

# ગીરગઢડામાં જંગલ ખાતાની દાદાગીરી સામે આવેદન

## વન વિભાગનાં કાળા કાયદા સામે ગીરગઢડા તાલુકાની જનતા માં રોષ :ગીર ગઢડા તાલુકો સજ્જડ બંધ પાળી વિરોધ દર્શાવ્યો

ગીરગઢડાઃ

ગીર ગઢડા તાલુકાના લગભગ ૧૫ થી ૨૦ ગામે ઉપરાંત નેશમાં વસતા તેમજ પ્રજાજનોના હિતમાં તેમજ પડતી મુશ્કેલીઓને લઈને ફરેડા નિવાસી શ્રી જેઠાભાઈ રામભાઈ બારૈયા ગત તા : ૨૩/૦૩/૨૦૨૪ લઈને આજ તા : ૦૬/૦૪/૨૦૨૪ દિવસ ૧૫ આમરણાંત ઉપવાસ ઉપર ગીર ગઢડાના ફરેડા રોડ ના નાકે છંવણી નાંખીને આંદોલન કરી રહ્યા છે. જેમના સમર્થન માં આજે ગીર ગઢડા તાલુકો સજ્જડ બંધ કરી લોકોએ સમર્થન આપ્યું છે અને વિવિધ માગણીઓ સાથે રજુઆત કરી જેમાં




૧. જંગલ ખાતા દ્વારા જંગલ બોર્ડર ઉપર આવેલ ગામ લોકો તેમજ ખેડુતોને કરાતી પજવણી.૨. જંગલમાં આવેલા ધાર્મિક સ્થળો બાણેજ, પાતળેશ્વર મહાદેવ, ટપકેશ્વર મહાદેવ ઉપર દર્શનાથે જતા આવતા શ્રધ્ધાળુઓને અધિકારીઓને કરવી પડતી આજીજી.૩. અમારા તાલુકાના વિસ્તારના ખેડુતોના માલઢોરના ચરિયાણ હકક્કો.૪. સેટલમેન્ટ ખેડુતોના પ્રશ્નો,૫. વન્ય પ્રાણીઓ દ્વારા ખેડુતોના ઉભા પાકને થતુ નુકશાન તથા તેના માટેનું યોગ્ય વળતર ચુકવવા અંગે.!૬. જંગલ બોર્ડર ઉપર જંગલ ખાતા દ્વારા વસાવેલ નેશમાં લાઈટ, પાણી રસ્તાની પ્રાથમિક સુવિધા આપવા બાબત.૭ છૂટછાટ વાળા વિસ્તારમાં જંગલ ખાતા અધિકારીઓની જો હુકમ.૮. જંગલના વિકાસ કામોમાં થતી ગેરરીતી ૯. મોબાઈલ રેકોર્ડિંગ ની મનાઈ આ ઉપરાંત અનેક મુશ્કેલી રૂપ પ્રશ્નોને અનુલક્ષીને આ આંદોલન ચાલી રહેલ છે.

ઉપરાંત મુદ્દાઓને લઈને જો તંત્ર દ્વારા યોગ્ય ઉકેલ નહી આવે કે અમારા વિસ્તારની આમ જનતાને આ મુશ્કેલીઓ માંથી છુટકારો નહી મળેતો અમારણાંત ઉપવાસી શ્રી જેઠાભાઈ રામભાઈ બારૈયા સર્મથનમાં અમો આગામી દિવસોમાં પ્રતિક ઉપવાસ કરવાની તેમજ ત્યાર બાદ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન સહિતના તમામ ઉગ્ર પગલા લેવાની ફરજ પડશે જેની ગંભીર પણે નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.

આ આવેદન પત્ર નાં એલાનને માન આપી સમગ્ર ગીર ગઢડા તાલુકાના વેપારી બંધુઓ એ પોતાના કામધંધા તા : ૦૬/૦૪/૨૦૨૪ ને શનિવારે બંધ રાખી આ ચાલી રહેલ આંદોલનને સંપુર્ણ ટેકો આપેલ છે. અને આવતા ભવિષ્યમાં પણ તાલુકાના તમામ નગરજનોને સાથે સંપુર્ણ સહયોગ આપવાની ખાત્રી પણ આપેલ છે તેમજ ગીર ગઢડા તાલુકા વિસ્તારના ખેડુતો, ગ્રામજનોને પડતી મુશ્કેલીઓ તેમજ માનસીક ત્રાસ માંથી મુકતી અપાવવા બાબતે ગંભીરતા પુર્વક પોતાના હાથ ઉપર લઈને ઉકેલની દિશામાં કાર્યવાહી હાથ ધરતા આવે તેવી અપીલ કરવામાં આવી છે તેમજ ગીર માં જ્યાર થી આર એફ ઑ પરમાર આવ્યાં છે ત્યાર થી વધારે વન વિભાગ હેરાન કરતો હોય અને આર એફ ઑ પોતાની મન માની ચલાવી લોકો ની પરેશાન કરતાં હોય તેવા પણ આમરણ ઉપવાસ આંદોલન પર બેસેલા જેઠાભાઈ રામભાઈ બારૈયા દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે.

# ગીરધરવાવ ખાતે આવેલ સરસ્વતી વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ ઉજવાયો



સાવરકુંડલાઃ

સાવરકુંડલા શહેરના મહુવા રોડ ખાતે આવેલ સર્વેશ્વર એજ્યુકેશન એન્ડ ગીરધરવાવ ખાતે ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા સંચાલિત તાલુકાની શિક્ષણપ્રેમી જનતા અને વાલીઓની હાજરીમાં સરસ્વતી વિદ્યામંદિર સાવરકુંડલાનો ભવ્ય અને દિવ્ય વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ તકે પૂ.ભક્તિરામબાપુ માનવમંદિર અને સાવરકુંડલા શહેરના અગ્રણીઓ જનસમુદાયની હાજરીમાં વાર્ષિકોત્સવની સાથે વર્ષ દરમ્યાન અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલ ૧૫૦થી વધારે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. ધોરણ ૧૦ ના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોનો વિદાય સમારંભ પણ રાખેલ. શાળામાં બાલમંદિરથી ધોરણ ૧૦ ની કુલ ૩૩૦ જેટલી સંખ્યા છે જેમાંથી ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ અલગ અલગ કૃતિઓમાં ભાગ લીધેલો કૃતિઓમાં લુપ્ત થતા કાઠીયાવાડી સંસ્કૃતિને ઉજાગર કરતો ટિપ્પણી રાસ, અર્વાચીન ગરબો, કોમેડી ડાન્સ, માતૃત્વને વંદન કરતો ડાન્સ, તલવારબાજી પટ્ટાબાજીની રમઝટ, દેશભક્તિથી છલકાતો ડાન્સ, પિરામિડના કરતબો વગેરે જેવી કૃતિઓ રજૂ કરી મંત્રમુગ્ધ બન્યા હતા. પ. પૂ ભક્તિરામબાપુએ આશીર્વચન પાઠવતા શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ તકે શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુ લાગવાથી બચીએઃ તકેદારીના પગલાં ભરીએઃ આપત્તિ વ્યવસ્થાપન તંત્રનો અનુરોધ

અમરેલીઃઅમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં હીટ વેવની સંભાવનાઓને જોતા હીટ વેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી છે. લુ થી બચવા માટે શું કરવું અને શું ન કરવુંઃ રેડિયો સાંભળો,ટી.વી. જૂઓ, હવામાન અંગે ના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો અથવા હવામાન વિશેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરો. તરસ ના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીતા રહેવું. વાઈ, હૃદય, કીડની કે યકૃત સંબંધી બીમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમ જ જેમના શરીરમાંથી પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતા પહેલા ડોકટરની સલાહ લેવી. શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ,નારિયેળ પાણી સહિતના પીણાનો ઉપયોગ કરવો. વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરવા. ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપી થી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો. પ્રાથમિક સારવાર માટેની તાલીમ મેળવી લેવી. બાળકો, વૃધ્ધો, બીમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લુના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી લેવી.

**કામદાર અને નોકરીદાતા માટેઃ**

કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુધ્ધ પાણી, છાશ, ઓ.આર.એસ,બરફના પેક પ્રાથમિક સારવાર પેટીની વ્યવસ્થા કરવી. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતીને ટાળવી. સખત મહેનતનું કામ હોય તે તેને દિવસના ઠંડા સમયમાં ગોઠવવું. બહારની પ્રવ્રુતિઓ માટે વિશ્રાંતી સમય અને તેની સંખ્યા વધારવી. જે કામદાર વધુ ગરમી વાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલ નથી તેમને હળવું તેમજ ઓછી અવધી માટેનું કામ આપવું. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળાઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપો. કામદારોને હીટ વેવ એલેર્ટ વિશે માહિતગાર કરવા. શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો. ઘરગથ્થુ ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ધાણાજીરુ નાખેલું કચુંબર લુ લાગવાની શક્યતા ઘટાડી શકે છે. પંખાનો ઉપયોગ કરો. ઢીલા કપડાં પહેરો અને વારંવાર ઠંડા પાણીથી સ્નાન કરો. કામકાજના સ્થળો કે રહેઠાણના સ્થળે આવતાં ફેરિયા કે ડીલીવરી માણસને પાણી પીવડાવો. કાર પુલીંગ અથવા તો જાહેર વાહન વ્યવહારના સાધનોનો ઉપયોગ કરો આને લીધે ગ્લોબલ વોર્મીંગ અને ગરમીનું પ્રમાણ ઘટશે. સૂકાં પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળશો નહીં. પાણીનાં સ્રોતનું રક્ષણ કરો અને વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા અપનાવો. ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પિક સ્રોતનો ઉપયોગ કરવો. ચક્કર આવતા હોય કે બીમાર હોવ તો તરત જ તબીબી સલાહ લો અથવા ઘરના કોઇ સદસ્યની મદદ મેળવી તબીબ પાસે જવું.

**ઘરને શીતળ રાખવા માટેઃ**

ઘરની દીવાલોને સફેદ રંગથી રંગો. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે કૂલ રુફ ટેકનોલોજી, હવાની અવર જવર માટે ક્રોસ વેંટીલેશન અને થર્મો કૂલ ઈન્સુલેશનનો ઉપયોગ કરો. સૂકા ઘાસની ગંજી છત પર રાખો અથવા શાકભાજી પણ ઉગાડી શકો. ઘરની બારીઓ ઉપર સૂર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનીયમ ફોઈલ કવર વાળા પૂંઠા લગાવો. ઘેરા રંગના પડદા, બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત રાત્રે જ બારીઓ ખોલો. બને ત્યાં સુધી નીચેના માળ ઉપર રહો. લીલા રંગના છાપરા, ઈન્ડોર છોડ મકાનને કુદરતી રીતે ઠંડુ રાખે છે અને એયર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે અને તેમાંથી બહર નીકળતી વધારાની ગરમીને ઓછી રાખે છે. એયર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો. આને કારણે તમારુ વીજળીનું બિલ ઓછું થશે અને સાથે તમારી સ્વસ્થતાનું પણ ધ્યાન રાખશે. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલને બદલે છીદ્રાળુ દીવાલ ટેકનોલોજીનો ઉપયોગ કરો. જાડી દીવાલનું ચણતર કરો, જે ઘરને અંદરથી ઠંડુ રાખશે. નીચેથી જાળીદાર દીવાલ ચણતર કરો કે જે ગરમીને રોકશે અને વધુ હવાને પસાર થવા દેશે. દીવાલને રંગવા માટે ચૂનો અથવા કાદવ જેવા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરો. બાંધકામ પૂર્વે મકાન બાંધકામના નિષ્ણાંતની સલાહ લો.લુ લાગી હોય તેવી વ્યક્તિની સારવારઃ ભીના કપડાંનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડી શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ અથવા લીંબુ સરબત-તોરાની જેવું પ્રવાહી આપો. વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા. જો શરીરનું તાપમાન એકધારુ વધતું હોય, માથાનો દુઃખાવો અસહ્ય હોય, ચક્કર આવતા હોય, નબળાઈ હોય ઊલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયા હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી લેવી જોઈએ.

# લીલીયામાં રેલી અને માનવ સાંકળી રચી મતદાન જાગૃત્તિનો સંદેશો પ્રસરારવામાં આવ્યો

અમરેલીઃ મતદાન માટે યુવાનો, મહિલાઓ સહિતના નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (ટી.આઈ.પી.) અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રવૃત્તિઓના ભાગરુપે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લીલીયા ખાતે સ્વીપ એક્ટિવિટી તથા TIP અંતર્ગત મતદાન જાગૃત્તિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી સાથે શહેરના મધ્ય ભાગમાં માનવ સાંકળ રચી અને મતદાન જાગૃત્તિના બેનર સાથે લોકસભાની ચૂંટણીમાં અચૂક મતદાન કરવાનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો છે.

લીલીયા તાલુકા મામલતદારશ્રી, લીલીયા તાલુકા વિકાસ અધિકારીશ્રી અને લીલીયા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મતદાનના મહત્વને વર્ણવતી બાબતે સૂત્ર બોલવામાં આવ્યા કરી અને મતદાન જાગૃત્તિનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો હતો.

૧૪-અમરેલી લોકસભા મતવિસ્તાર માટે આગામી તા.૦૭ મેના રોજ મતદાન થશે. જિલ્લામાં મતદાન પ્રક્રિયા પહેલા જનજન સુધી ચૂંટણીપંચના જાગૃત્તિ કાર્યક્રમો દ્વારા મતદાનની ટકાવારી વધે નાગરિકો મતદાનની ફરજ પૂર્ણ કરે તે માટે અનેકવિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

પ્રથમ વખત મતદાન કરનારા મતદારો માટે પણ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા ચૂંટણીતંત્રના કર્મયોગીઓ, મહિલાઓ, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીઓ, પોલીસના જવાનો તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# લાયન્સ કલબ ઓફ સાવરકુંડલાની જનરલ મિટીંગ યોજાઇ

સાવરકુંડલાઃલાયન્સ કલબ ઓફ સાવરકુંડલાનું ત્રીજી જનરલ મિટીંગ અહીં અશોકવાટિકા ખાતે યોજાયેલ. આ મિટીંગમાં અગામી સમયમાં તમામ પ્રકારના ૯ જેટલા પ્રોજેક્ટો કરવા માટે દરેક લાયન્સ મેમ્બર્સ પરવાગી આપી હતી તેમાં ઠંડા પાણીનું પરબ, એક્યુપ્રેસર કેમ્પ, બી.પી..ડાયાબિટીસ ફ્રી ચેકઅપ કેમ્પ, રાહતદરે ચોપડા વિતરણ, ટી.બી.પેશન્ટ કીટ વિતરણ, રક્તદાન કેમ્પ, વિધાથીઓને કારકિર્દી સેમિનાર, વિધાથી સન્માન સમારોહ વગેરે સેવાકીય પ્રોજેક્ટોને ધ્યાનમાં કલબના પ્રેસિડેન્ટ લાયન કમલ શેલાર,સેક્ટરી લાયન મુકેશ માલવિયા,ટ્રેઝરર હિતેશ સરૈયા,કલબના બોર્ડ ઓફ ડીરેક્ટરો,મેનેજમેન્ટ ચેરમેન લાયન મેહુલ સંધાણી,કલબના સ્થાપક લાયન કરશનભાઈ




ડોબરીયા,લાયન દેવચંદ કપોપરા,લાયન દિપક બોધરા,લાયન પ્રતિક નાકરાણી,લાયન પિન્ટુ વડેરા,લાયન શિક્ષકગણ તેમજ દરેક લાયન્સ મેમ્બર્સ હાજરી આપીને તમામ સેવાકીય પ્રોજેક્ટોને લોકોપયોગી બની રહે તેવો સાથ સહકારની ભાવના વક્ત કરી હતી એમ લાયન જીજ્ઞેશ ગણથીયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

# રાજકોટમાં એક વર્ષમાં જાહેરમાં થૂંકતા ૧૦૦૩૪ લોકો ઝડપાયા, ૭.૭૮ લાખનો દંડ ફટકારાયો

## મનપાના ૧૦૦૦ સીસીટીવી કેમેરાની કમાલ, દંડ ન ભરનારના ઘરે જઈને વસૂલાત

રાજકોટ,

રાજકોટ શહેર સ્વચ્છ અને સુંદર બનાવવા માટે પર્યાવરણ વિભાગ દ્વારા અનેક પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે જે પૈકી અલગ અલગ સ્થળો ઉપર ફીટ કરવામાં આવેલા ૧૦૦૦ કેમેરા દ્વારા કમાન એન્ડ કંટ્રોલ ખાતે સુપરવીઝન કરવામાં આવી રહ્યું છે. જેમાં ખાસ કરીને પાન-ફાકી ખાઈને જાહેરમાં થુકતા લોકોને ઈમેમો મારફતે દંડ ફટકારવાનું શરૂ કરવામાં આવ્યું જેમાં એક વર્ષમાં જાહેરમાં થુંકતા ૧૦૦૩૪ લોકો પકડાયા હતાં. અને તેમની પાસેથી રૂા. ૭.૭૮ લાખનો દંડ વસુલાયો હતો જ્યારે અલગ અલગ કારણોસર આજે પણ ૨૫૪૫ લોકો પાસેથી દંડ વસુલવાનો બાકી છે તેમ કમાન એન્ડ કંટ્રોલ વિભાગમાંથી જાણવા મળ્યું છે.



મહાનગરપાલિકાના કમાન્ડ એન્ડ કંટ્રોલ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા લોકોને સીસીટીવી કેમેરા દ્વારા ઈચલણ આપવામાં આવે છે. જેમાં એક વર્ષમાં ૧૦૦૩૪ ચલણ ઈસ્યુ કરવામાં આવ્યા હતાં અને રૂા. ૭.૭૮.૦૫૦નો દંડ વસુલવામાં આવ્યો છે. પરંતુ શહેરમાં આવતા વાહનોના નંબરના આધારે ચલણ આપવાનું થતું હોય અમુક વાહનો ગ્રામ્ય વિસ્તારોના હોવાથી તથા અમુકની નંબર પ્લેટ ખોટી હોવાના કારણે ચલણ ઈસ્યુ કર્યા બાદ વસુલાત થઈ શકતી નથી. જેમાં આ વર્ષે પણ ૨૫૪૫ લોકો પાસેથી રૂા. ૨.૭૫ લાખ વસુલવાના બાકી રહી ગયા છે. હાલમાં દરરોજ ૪થી ૫ લોકો જાહેરમાં થુકતા પકડાઈ રહ્યા છે. જે ગત વર્ષે સંખ્યા ૨૦થી વધુ હતી પરંતુ લોકો સાવચેત થઈ ગયા હોય તેમ થુકતા સમયે આજુબાજુ સીસીટીવી કેમેરા છે કે નહીં તે ખાસ ધ્યાન રાખી રહ્યા છે. આથી સાબિત થાય છે કે થુકનારની સંખ્યા ઓછી નથી થઈ પરંતુ સાવચેત થઈ ગયા છે. છતાં કમાન એન્ડ કંટ્રોલ રૂમ દ્વારા જાહેરમાં થુકતા લોકો તેમજ અન્ય ન્યુસન્સ ફેલાવતા લોકો વિરુદ્ધ પણ કામગીરી કરવામાં આવી રહી છે.

એક વર્ષ દરમિયાન જાહેરમાં થુકતા ૧૦૦૩૪ લોકોને ચલણ ઈસ્યુ કરવામાં આવ્યા હતાં જે પૈકી ૩૦% લોકોએ ચલણ મુજબનો દંડ ઓનલાઈન અથવા સીવીક સેન્ટરમાં ભરપાઈકરી દીધો હતો જ્યારે બાકીના લોકોએ દંડને અવગણતા સેનીટરી ઈન્સ્પેક્ટર દ્વારા આ લોકોના ઘરે જઈને દંડની રકમ ફક્ત રૂા. ૨૫૦ની પણ પઠાણી ઉઘરાણી કરવાની ફરજ પડી હતી જેના લીધે મનપાને થુકવા પેટે રૂા. ૭૭૮૦૫૦ની આવક થઈ છે. તેમજ બાકી રહી ગયેલા રૂા. ૨.૭૫ લાખની પણ કડક ઉઘરાણી કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં ૧૦૦૦ સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. જેના થકી કમાન એન્ડ કંટ્રોલ ખાતે અનેકવીધ કાર્યવાહી હાથ ધરાઈ છે. એક વર્ષમાં ૧૦૦૩૪ થુકણિયાને પકડી રૂા. ૭.૭૮ લાખનો દંડ કરાયો છે. જ્યારે ૧૮૬ રખડતાઢોરની વિગત પણ કેમેરાએ ઢોરપકડ પાર્ટીને આપી છે તેમજ તુટેલા રોડ-રસ્તા, ડિવાઈડર સહિતની ૪૬ ફરિયાદો રસ્તા ઉપર રેકડી કેબીન સહિતના દબાણોની ૩૬૧ ફરિયાદો, ડ્રેનેજ ઉભરાતી હોય અને કેમેરામાં દેખાતી હોય તેવી બે ફરિયાદો તથા જાહેરમાં કચરો ફેંકવો, ડસ્ટબીન છલકાઈ જવું સહિતની ૧૭૨૬ ફરિયાદ પર્યાવરણ વિભાગને અને ગેરકાયદેસર બાંધકામની એક ફરિયાદ ટાઉન પ્લાનીંગ વિભાગને કરવામા આવી છે.

# રાજકોટમાં મોબાઈલમાં ગેઈમ રમવા બાબતે વાલીએ ઠપકો આપતા કિશોર લાપતા : શોધખોળ

રાજકોટ,

મૂળ ભાવનગર હાલ રાજકોટ રૈયા ચોકડી પાસે બાપા સીતારામ ચોક પાસે રહેતા સગીરને તેના માતા-પિતાએ ઠપકો આપતા સગીર ઘરેથી નીકળ્યાા બાદ પરત ન આવતા યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ રૈયા ચોકડી પાસે બાપા સીતારામ પાસે રહેતા હરેશભાઈ ભીખાભાઈ વારોદરા (ઉ.વ.૪૦) એ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હરેશભાઈએ ફરિયાદમાં જણાવ્યુ છે કે પોતે છેલ્લા પાંચ માસથી કામ ધંધો કરવા માટે પરિવાર સાથે રાજકોટ આવ્યા છે. પોતાને સંતાનમાં બે પુત્ર છે જેમાં નાનો પુત્ર મીત (ઉ.વ.૧૪) નો છે. તા. ૫ના રોજ રાત્રે પોતે ઘરે હતા ત્યારે પત્નીં એ પોતાને



કહેલ કે, મીત આખો દિવસ મોબાઈલમાં ગેઈમ રમતો હોય જેથી મે તેને ઠપકો આપેલ છે. પરંતુ મારૂ માનતો નથી. તેમ કહેતા પોતે પણ મીતને મોબાઈલમાં ગેઈમ રમવા બાબતે ઠપકો આપ્યો હતો. બાદ પોતે ઘરની બહાર ગયા બાદ પરત ઘરે આવ્યા ત્યા રે મીત ઘરે ન હતો.

પોતે પત્ની ને પુછતા તેણે કહેલ કે 'તે બહાર ગયો છે' તેમ કહ્યુ હતું. થોડીવારમાં મીત પરત આવ્યો અને પોતે તેને ઠપકો આપ્યો હોય જેથી તે ફરી પોતાને જોઈ પાછો ઘરની બહાર નીકળી જતો રહ્યો હતો. મોડે સુધી મીત પરત ન આવતા પોતે તથા પરિવારજનોએ સગાસંબંધીને ત્યાંર તથા આજુબાજુ તપાસ કરતા તેનો કોઈ પત્તો ન લાગતા પોતે યુનિવર્સિટી પોલીસમાં જાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ દાખલ કરી પીઆઈ એન.આઈ.રાઠોડ સહિતે તપાસ હાથ ધરી છે. સગીરે વાદળી કલરનો શર્ટ અને વાદળી કલરનું પેન્ટ પહેરેલ છે. જો કોઈને આ સગીર જોવા મળે તો યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ફોન નંબર ૦૨૮૧-૨૫૭૫૧૨૪ ઉપર તેમજ મોબાઈલ નં. ૯૪૨૭૭ ૨૬૬૦૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# પોલીસ સમાચાર

## રાજકોટના સિધ્ધી વિનાયક પાર્કમાં ચીકનગુનીયાથી કંટાળી મહિલાનો આપઘાત

રાજકોટ,

રાજકોટના કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસે સિધ્ધીચ વિનાયક પાર્ક-૨માં રહેતાં નિમુબેન જેન્તીભાઈ પરમાર (ઉ.વ.૬૦) નામના વૃધ્ધાએ ગત રાતે ઝેરી ટીકડીઓ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનો જીવ બચ્યો નહોતો.

હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ પટેલ અને તૌફિકભાઈ જુણાચે બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આપઘાત કરનાર નિમુબેનને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે. પતિ જેન્તીભાઈ પરમાર સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેમણે જણાવ્યું હતું કે પત્નિને ચાર પાંચ મહિનાથી ચીકનગુનીયાની બિમારી થઈ હતી. અલગ અલગ અનેક ડોક્ટ રને બતાવવા છતાં તબિયતમાં ફરક પડતો ન હોઈ કંટાળીને તેણીએ ઘઉંમાં રાખવાની ટીકડીઓ પી લીધી હતી અને મૃત્યુ થયું હતું. પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

## રાજકોટના વાવડીમાં બુધ્ધનગરમાં જુગાર રમતા ચાર ઝડપાયાઃ છ ફરાર

રાજકોટ,

રાજકોટના વાવડીમાં આવેલ બુધ્ધનગરમાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા ચાર શખ્સોને તાલુકા પોલીસે રુા. ૧૪૯૦૦ની રોકડ કબ્જે કરી હતી. જ્યારે છ જુગારીઓ ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ કારેણા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે કોન્સ. જયદિપ દેવમુરારીને મળેલ ચોક્કસ બાતમીના આધારે વાવડીમાં ગૌતમ બુધ્ધનગર શેરી નં.૨માં જાહેરમાં તીનપતીના ચાલતા જુગારમાં દરોડો પાડતા નાસ-ભાગ મચી ગઈ હતી. દરોડા દરમ્યાન કિશોર ઉર્ફે રાજુ ભીખા રાઠોડ, મનસુખ મકવાણા, દીલીપ રાઠોડ અને રમેશ રાઠોડને દબોચી રુા. ૧૪૯૦૦ની રોકડ કબ્જે કરી હતી. જ્યારે દરોડા દરમ્યાન પાલા રાઠોડ, અશ્ર્વિન ડાંગર, બાબુ રાઠોડ, દિનેશ રાઠોડ, કાળુ અને રઘુ જાદવ નાસી છુટતા તેની શોધખોળ હાથ ધરી હતી.

## લોધીકાના વિરવા ગામ પાસે કારખાનામાં ભઠ્ઠી ફાટતા દાઝી ગયેલા શ્રમિક યુવાનનું મોત

રાજકોટ,

લોધીકા તાલુકાના વિરવા ગામ નજીક આવેલ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા કારખાનામાં લોખંડ ગાળવાની ભઠ્ઠી ફાટતા શ્રમિક વિકાસકુમાર જીયાનભાઈ રાય (ઉ.વ.૨૧) દાઝી ગયેલ. એક માસ પહેલા બનેલા બનાવમાં દાઝી ગયેલા યુવાને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં સારવાર દરમિયાન ગઈકાલે વિકાસકુમારે સારવારમાં દમ તોડી દીધો હતો. લોધીકા પોલીસમાં હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ ગુજરાતી અને રાઈટર ખોરાભાઈએ જરૂરી કાગળો કરી મૃતદેહ પીએમ માટે ખસેડયો હતો.

## જુનાગઢમાં ઝેરી ટીકડા ખાઈ વૃદ્ધનો આપઘાત

જૂનાગઢ,

જૂનાગઢમાં ઝેરી ટીકડા પી જતા જુનાગઢનાં એક વૃદ્ધનું મૃત્યુા થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

અત્રે ખામધ્રોળ રોડ વિસ્તાટરમાં આવેલ નવી આરટીઓ ઓફિસ પાસે રહેતા વિજયભાઈ અમૃતલાલ કુબાવત ઉ. વ. ૬૧ નામના વૃદ્ધે લેણું વધી જતાં શનિવારની સાંજે ઝેરી ટીકડા ખાઈ લેતા તેમને તાત્કા લિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબે વૃદ્ધને મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની ફેલાઈ હતી.

# રાજકોટમાં સરકારી ક્વાર્ટર પર કબ્જો જમાવી લેનાર બાબરીયાકોલોનીના શખ્સની ધરપકડ

રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર પથિક આશ્રમની બાજુમાં આવેલ બંધ સરકારી ક્વાર્ટરના તાળાં તોડી એક શખ્સે ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. રાજકોટ વિભાગની આઈજી કચેરીમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા એસ.બી.ગોહિલે વિરાટ મેઈન રોડ પર આવેલા બાબરિયા કોલોનીમાં રહેતા અજિત ઈસ્માઈલ સુમરા નામના શખ્સ સામે પ્રદ્યુમ્નનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે આઈજી કચેરીના એકાઉન્ટ શાખામાં ફરજ બજાવતા જુનિયર ક્લાર્કની ફરિયાદ મુજબ, તેમને કચેરી તરફથી ફાળવવામાં આવતા સરકારી આવાસ તેમજ બિન રહેણાક ખાલી મકાન ચેક કરવાની કામગીરી કરવાની હોય છે.

દરમિયાન એક મહિના પૂર્વે - જામનગર રોડ, પથિકા આશ્રમની - બાજુમાં અમારી કચેરી હસ્તકના મુખ્ય ક્લાર્કનું સરકારી ક્વાર્ટર આવેલું હોય તે ચેક કર્યું હતું. આ ક્વાર્ટર પર સરકારી તાળું અને ઓફિસનું બોર્ડ પણ લગાડેલું હતું. ત્યારે રવિવારે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં આવાસમાંથી પસાર થતા હતા. ત્યારે પોતાની કચેરીના બંધ ક્વાર્ટરનું તાળું જોવા મળ્યું ન હતું. એટલું જ નહિ ક્વાર્ટરમાં લગાડેલું કચેરીનું બોર્ડ - પણ નજરે પડયું ન હતું. જેથી પોતે તે ક્વાર્ટરમાં તપાસ કરવા જતા અંદર એક પાણીનું માટલું, બે ખુરશી જોવા મળી હતી. આમ બંધ ક્વાર્ટરનું - તાળું તૂટેલું અને ક્વાર્ટરમાં અંદર - સામાન જોવા મળતા તુરંત કચેરીના અધિક્ષકને ફોન કરી બનાવ અંગે જાણ કરી હતી.

ત્યાર બાદ અધિકારીએ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જે સૂચના બાદ પોતે ક્વાર્ટરથી નીકળી પોલીસ મથક જવા નીકળતા એક શખ્સ પોતાને સામેથી મળવા આવ્યો હતો. અને તેને કહ્યું કે, તમારી કચેરીનું તાળું મેં થોડા દિવસ પહેલા તોડયું છે. જેથી તાળું તોડવા અંગે પૂછતા તેણે એવું જણાવ્યું કે, મારા સસરા ઘણા વર્ષો અગાઉ અહીં રહેતા હતા અને હવે આ ક્વાર્ટરનો કબજો મારો છે. સરકારી ક્વાર્ટરનું તાળું તોડનારનું નામ પૂછતા તે બાબરિયા કોલોનીમાં રહેતો અજિત સુમરા હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી.કે. પઢિયારે ગુનો નોંધી રિક્ષાચાલક અજિત સુમરાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટના ઘંટેશ્વર પચ્ચીસ વારીયા કવાર્ટરમાં રૂા.૩૯ હજારના રોકડ-દાગીનાની ચોરી

રાજકોટ,

રાજકોટના ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતા યુવાનના બંધ કવાર્ટરમાંથી તસ્કરો દાગીના તથા રોકડ મળી રૂા. ૩૯ હજારની માલમતા ચોરી જતા ફરીયાદ નોધાઈ છે.

મળતી વિગત મુજબ ઘંટેશ્વર ૨૫ વારીયામાં મચ્છરભાઈ ભરવાડના કવાર્ટરમાં ભાડે રહેતો કિશન જેરામભાઈ જીંજવાડીયા (ઉ.૨૫) એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કિશને ફરીયાદમાં જણાવ્યું છે કે, અને પત્ની રવિવારી બજારમાં જૂનો વેચવાનું કામ કરે છે. પોતાની નાની દીકરી ક્રિષ્નાની માનતા પોતે બેચરાજી (વિરમગામ) ખાતે રાખી હતી. જેથી પોતાને માનતા પુરી કરવા માટે રૂપિયાની જરૂર હોઈ તેથી બાજુમાં રહેતા સાઢુ પાસેથી રૂા. ૨૦ હજાર ઉછીના લીધા હતાં. આ પૈસા પોતે તીજોરીમાં મુકયા હતાં. ગઈકાલે પોતે ભંગારની ફેરી કરવા ઘરેથી નિકળ્યો હતો. અને પત્નીત આજી ડેમ ચોકડી પાસે રવિવારી બજારમાં જૂનો ભંગાર વેચવા ગઈ હતી. સાંજે પરત આવ્યાત ત્યાઆરે ઘરમાં પ્રવેશ કરતા કબાટનો નકુચો તુટેલો જોતા પોતે તપાસ કરતા રોકડ તથા દાગીના મળી રૂા. ૩૯૦૦૦ ની માલમતાની ચોરી થઈ હોવાની ખબર પડી હતી. બાદ પોતે ગાંધીગ્રામ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે કિશનની ફરીયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# જુનાગઢમાં આઈપીએલ મેચ પર ક્રિકેટનો સટ્ટો રમનાર ચાર ઝડપાયા

જુનાગઢ,

જૂનાગઢમાં પોલીસે બાતમી આધારે ચાર ઈસમો ઓનલાઈન આઈડી મેળવી આઈપીએલ ૨૦૨૪ ટી -૨૦ ચેન્નાઈ સુપરકિંગ સનરાઈઝ હૈદ્રાબાદ ટીઅર૦ ક્રિકેટ મેચ ઉપર લેપટોપ તથા મોબાઈલ ફોન દ્વારા હાજર નહી મળી આવેલ ગ્રાહક સાથે ક્રિકેટ સટ્ટાનો જુગાર રમી રમાડી ક્રિકેટ સટ્ટાના સોદા કરી હારજીતના નાણાની હવાલા દ્વારા આપ- લે કરી રેઈડ દરમિયાન રોકડ રૂા.૧૬૦૮૦ માં ફોન ૮ કિ. રૂા.૪૪૦૦૦ ટેબલેટ ૧ કિ. રૂા.૧૦,૦૦૦ લેપટોપ - ૨ કિ. રૂા.૨૦,૦૦૦, ટીવી ૧ કિ. રૂા.૩૦૦૦, સેટોપ બોક્ષ - ૧ કિ. રૂા.૫૦૦ તથા મો.સા.નંગ.૩ કિ. રૂા.૭૫૦૦૦ મળી કુલ રૂા.૧,૬૮,૫૮૦ના મુદામાલ સાથે (૧) કલ્પે શભાઈ રસીકભાઈ ખોડા રહે. ગોધાવાવની પાટી, ગીરનાર દરવાજા રોડ, (૨) આનંદ ભરતભાઈ પટણી રહે. ગીરનાર રોડ, તંબોળીના ડેલામાં (૩) નિલેશભાઈ પરસોતમભાઈ ખીમાણી રહે. કડમીયાવાડ (૪) આનંદભાઈ મનસુખભાઈ અંદ્રપીયા રહે. સેજની ટાંકીને પકડી પાડયા છે.

જયારે ક્રિકેટ સટાનો જુગાર રમાડતા હાજર નહી મળી આવેલ (૫) ભાવેશભાઈ વણઝાર રહે. જેતપુર (૬) ભાવેશભાઈ વણઝાર રહે. જેતપુર વાળાના ગ્રાહકો તથા અન્ય૦ આરોપીઓ ફરાર હોય તેને ઝડપી લેવા તપાસ આગળ ધપાવી છે. ક્રાઈમબ્રાન્ચના પો.ઈન્સ . જે.જે.પટેલ તથા પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા પોલીસ હેડ કોન્સત. ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાદસિંહ સિસોદીયા, વનરાજભાઈ ચુડાસમા, તથા પો. કો. ચેતનસિંહ સોલંકી તથા પેરોલ ફર્લો સ્કઈવોડના પો.કો. દિપકભાઈ બડવા વિગેરે પોલીસ સ્ટીફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

# અનહદ આનંદની પરિતૃપ્તિ તથા આત્માનુભૂતિનો માર્ગ છે સંગીત સાધના, "સ્વર વહાઁ ઈશ્વર": વિશ્વ વિખ્યાત સરોદવાદક અમજદઅલીખાં

રાજકોટઃ

સાંધ્ય અખબાર 'સાંજ સમાચાર' તથા રોટરી કલબ ઓફ ગ્રેટર ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે હોટલ સીઝન્સ, અવધ રોડ, કાલાવડ રોડ રાજકોટ ખાતે શાસ્ત્રીય વાદ્ય સંગીતના પ્રથમ પંક્તિના સરોદવાદક ઉસ્તાદ અમજદઅલી ખાં તેમનાં પુત્રો અમાન અલી બંગાસ, અયાનઅલી બંગાસ તથા પૌત્રો જોહાનઅલી બંગાસ તથા આબીરઅલી બંગાસ (ત્રણ પેઢી એક સાથે મંચ પર)ના સરોદવાદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સરોદ સમ્રાટ ઉસ્તાદ અમજદઅલી ખાં એ જણાવ્યું કે જેમ ઈશ્ર્વરસમીપ જવાના અનેક માર્ગો છે તેમ સંગીતની સાધના પણ ઈશ્ર્વર નજીક લઈ જાય છે. અંતરમાં અનહદ આનંદની અનુભૂતિ મેળવવા સ્વર-સૂરની સાધના ફળદાયક છે. 'સ્વર વહાઁ ઈશ્ર્વર' સરગમીસૂરોને સાધ્ય કરવાથી અલૌકીક આનંદની પ્રાપ્તિ થાય છે.




અફઘાનિસ્તાનના 'રબાબ' વાદ્ય પરથી સરોદવાદ્યનું નિર્માણ થયું તે પ્રશ્ર્નમાં જણાવ્યું કે મારા પિતાશ્રી હાફિઝઅલીખાંના પૂર્વજ ઉસ્તાદ બેદેગીખાન, અફઘાનીસ્તાનમાંથી ભારત આવ્યા ત્યારે 'રબાબ' નામનું વાજીંત્ર લાવ્યા હતા. આ વાજીંત્રમાં થોડા સુધારા કરી તેમના પુત્ર ઉસ્તાદ ગુલામ અલી ખાતે તેને નવું સ્વરૂપ આપ્યુ અને આ રીતે સરોદના સર્જનમાં અને વાદનમાં પુર્વજો રહ્યાં છે અને આજે પણ આ પરંપરા ચાલી રહી છે.

ઉસ્તાદ અમજદઅલીખાંની છ પેઢીઓથી વાદન કલા પર ખુદાની મહેરરૂપે ઉતરી આવી છે.આપ બાળપણમાં સમાન ઉમરના સાથીઓના સમૂહમાં ફિલ્મોની રસિક ધુન 'ડમ ડમ ડિગા ડિગા, તેરી પ્યારી પ્યારી સુરત અને ચૌદવીકા ચાંદ હો' વગેરે સરોદ પર બજાવીને બધાનો પ્રેમ સંપાદન કરી લેતા હતા.ઉસ્તાદ અમજદઅલીખાંનએ જણાવ્યું કે મારા પિતાશ્રી હાફિઝઅલી ખાં સાહેબ સરોદવાદક અને શ્રેષ્ઠ ગાયક હતા. તેમણે પં. ભીમસેન જોષી સાથે બેઠક પણ કરી છે. તેમણે મારવા અને પુરિયા રાગ ખૂબ જ પસંદ હતો. પિતાશ્રી ભારતીય શાસ્ત્રીય સંગીત જ પ્રસ્તુત કરતા તેમને વાદ્યમાં ફિલ્મીગીતો વગાડે તે જરાપણ ગમતું નહિ. વાદ્યની ગરિમા જળવાય તેનો આગ્રહ રાખતા. નાનપણમાં 'ડમ ડમ ડીગા ડીગા' સરોદ પર બજાવતા પરંતુ તેમાં પણ સરગમ છે એ ગીતને ફિલ્મની દ્રષ્ટિએ નહી પણ સરગમની દ્રષ્ટિથી જોતા હતા.

આ વખતે ઉ.અમદઅલી ખાં સાહેબે 'ડમ ડમ ડીગા' ગીત ગાયુ અને તેના સરગમી સ્વરો પણ જુ કરીને સૌને પ્રભાવિત કરી દીધા હતા. તેઓ સેનિયા ઘરાનાના છે પરંતુ તેમણે માનવતા ઘરાના પર ભાર મૂકયો હતો.

# રાજકોટની માધાપર ચોકડી પાસે પેસેન્જર ભરવા મામલે ઈકો ચાલકને પાઈપથી માર માર્યો : ફરિયાદ

રાજકોટ,

રાજકોટની માધાપર ચોકડી પાસે ઈકોમાં પેસેન્જર ભરવા બાબતે પડધરીના ખોડાપીપર ગામે રહેતા યુવાનને પાઇપ વડે મારમારી જ્ઞાતિ અંગે અપમાનિત કર્યો હતો.આ અંગે યુનિવર્સિટી પોલીસે બે આરોપીઓ સામે મારામારી અને એટ્રોસિટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

વધુ વિગતો મુજબ,પડધરી તાલુકાના ખોડાપીપર ગામે રહેતા પ્રકાશ રવજીભાઈ પારીયા (ઉ.વ ૨૯) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તે જલ્પેશભાઈ દેવાણીની ઈકો ગાડી ચલાવે છે.ગઈકાલે માધાપર ચોકડી પાસે તે ઈકો લઈને ઊભો હતો અને તેનો વારો આવતા પેસેન્જર ભરતો હતો.

ત્યારે જામનગરના સિદ્ધરાજસિંહ ઝાલાએ પોતાની ઈકો વચ્ચે નાખી પેસેન્જર ભરવા લાગતા યુવાને તેમને ગાડી લાઈનમાં રાખવાનું કહ્યું હતું.જે સાંભળી સિદ્ધરાજસિંહ ઉશ્કેરાઈ કહેવા લાગ્યા હતા કે, અહીંયા અમારી ગાડીઓ ચાલશે તમારે અહીંયા આવવુ જ નહીં તેમ કહી જ્ઞાતિ અંગે અપમાનીત કર્યા હતા.

બાદમાં શખ્સે બેથી ત્રણ લાફા મારી દીધા હતા અને તેણે ઈકો ગાડીમાંથી પાઈપ લઈ યુવાનને મારમાર્યો હતો.આ દરમિયાન આરોપીનો મિત્ર પણ અહીં આવી જતા તેણે યુવાનને પાઇપ વડે મારમાર્યો હતો.દરમિયાન એકત્ર થયેલા લોકોએ યુવાનને વધુ મારવાથી બચાવ્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

# જસદણ ગોકલાણા ચોકડી પાસે વાહન અકસ્માતમાં રાજકોટના વૃધ્ધનું મોત

## વૃધ્ધગ મિત્રના બાઈક પાછળ બેસી ગધડીયા ગામે પુત્રીને મળવા જતા હતા ને કાળ ભેંટી ગયો

રાજકોટ,

જસદણના ગોકલાણા ચોકડી પાસે વાહન અકસ્માગતમાં ઘવાયેલા રાજકોટ કોઠારીયા રોડ પર રહેતા વૃદ્ધનું રાજકોટની હોસ્પિટલમાં મોત નિપજયું હતું. મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર રાધેકૃષ્ણજ શેરી નં. ૩ માં રહેતા લાભુભાઈ જેન્તીરભાઈ લાવડીયા (ઉ.વ.૬૩) ગઈકાલે પોતાના મિત્ર રાજુભાઈ દવે (ઉ.વ.૫૫) ના મોટર સાયકલ પાછળ બેસીને જસદણના ગધડીયા ગામે રહેતી દીકરીને મળવા માટે જતા હતા ત્યા(રે ગોકલાણા ચોકડી પાસે અકસ્માત થતા બંનને ઈજા થતા સારવાર માટે જસદણની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં લાભુભાઈને વધુ સારાવર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યામ તેનું સારવાર દરમ્યામન મોત નિપજયું હતું. મૃતક લાભુભાઈ છભાઈ અને ત્રણ બહેનમાં મોટા હતા એક પુત્ર અને બે પુત્રીએ પિતાની છત્રાછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે. આ અંગે જસદણ પોલીસે તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ભારત યુએસની ચૂંટણી સિસ્ટમ પર ચાઇના એટેક કરી શકે છે

૨૦૨૪માં વિશ્વના ઘણા દેશોમાં ચૂંટણી યોજાઈ રહી છે ખાસ કરીને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં પણ ચૂંટણી યોજવામાં આવી રહી છે વિશ્વની અંદર ભારતનું સૌથી મોટું ચૂંટણીનું તંત્ર ગોઠવાઈ ચૂક્યું છે આવી જ રીતે અમેરિકામાં પણ પ્રમુખ પદની ચૂંટણી યોજવાની છે અમેરિકા વિશ્વની સૌથી જૂની લોકશાહી છે અને ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે આ બંને દેશની લોકશાહીની ચૂંટણીમાં ચીન વિઘ્ન નાખવા માટે સજ્જ થયું છે ખાસ કરીને તે સાયબર એટેકથી માંડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ ની મદદ લઈને ભારત અને અમેરિકાની ચૂંટણીને ડિસ્ટર્બ કરવા માટે ષડયંત્ર કરી રહ્યું છે ભારતમાં ચૂંટણીનો માહોલ જમતો જાય છે બીજી બાજુ ચીનમાં આમાં ડખો કરવા માટે સાયબર નિષ્ણાંતો તનતોડ મહેનત કરી રહ્યા છે જેથી ભારતને અમેરિકામાં અસ્થિરતા ફેલાય.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ દ્વારા અને પ્રકારના સાચા ખોટા ડેટા જનરેટ કરી શકાય છે ભારતની વસ્તી અને મતદારોની સંખ્યા બાબત ની અંદર મોટા ગરબડ ગોટાળા પણ કરી શકાય છે આવી જ રીતે મતદાન કરવાના એવીએમ મશીનને પણ ડેમેજ કરી શકાય છે આ મશીનને ફિઝિકલી નહીં પરંતુ તેના ઇન્ટરનેટ સાથે જોડાયેલા સોફ્ટવેરને ડેમેજ કરી શકાય છે ચીન તેમાં વાયરસ પણ મોકલી શકે છે આવા વાયરસ ડિજિટલ વાયરસ કહેવાય છે કોમ્પ્યુટર અને ઇન્ટરનેટમાં જે વાયરસ ફેલાય છે તે વાયરસ ડિજિટના રૂપમાં હોય છે જ્યાં આપમેળે દ્વ્રૈંક્ર્ઞઅ પણ થઈ શકે છે અને ડેટાને કરપટ કરે છે જ્યારે માણસના શરીરમાં રોગ રૂપે જે વાયરસ આવે છે તે વાયરસને પેથોલોજીકલ વાઈરસ કહેવામાં આવે છે દાખલા તરીકે કોરોના ના વાયરસ શરદી ના વાયરસ ટીબીના વાઇરસ આ બધા વાયરસ ડિજિટલ નથી પણ પેથોલોજીકલ છે જે જીવંત હોય છે જ્યારે ડિજિટલ વાયરસ જીવંત હોતા નથી પરંતુ તે એક્ટિવ હોય છે ગતિશીલ હોય છે અને તે મૂળ ડેટા ની અંદર ભળી જઈને ગરબડ ગોટાળા પણ કરી શકે છે પેથોલોજીકલ વાઇરસ કરતા ડિજિટલ વાયરસ અતિ વ્યાપક પ્રમાણમાં સ્પ્રેડ થઈ શકે છે. હવા સાયબો રેટેકમાં પણ હવે મોટી ટેકનોલોજી આવી ગઈ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન દ્વારા આ કામ ખૂબ ઝડપથી અને ઓટોમેટિકલી થઈ શકે એમ છે ભારત અને અમેરિકાના સાઈબર સિક્યુરિટીના નિષ્ણાંતો ચીનના સંભવિત હુમલા સામે સજ્જર થઈ રહ્યા છે ભારતના બીજા રાજ્યોમાં ચૂંટણીનો જંગ જમતો જાય છે પરંતુ ગુજરાતમાં પ્રચાર ઓછો અને વાદવિવાદ અપરંપાર જેવી સ્થિતિ સર્જાતી જાય છે.

ગુજરાતમાં જ્ઞાતિઓ જાતિઓ તેમજ વિવિધ પ્રકારના સંગઠનો વચ્ચેના વિવાદો વધુ છે જોકે વિવાદો તો દરેક રાજ્યમાં ઓછા વત્તા પ્રમાણમાં હોય જ છે પરંતુ ગુજરાતની અંદર ચૂંટણીનો પ્રચાર ઓછો પણ વાદવિવાદ વધતા જાય છે બીજી બાજુ કોંગ્રેસના સારા સારા નેતાઓ ભાજપમાં સામેલ થઈ જતા કોંગ્રેસ માટેની મુશ્કેલીઓ વધતી જાય છે જ્યારે ભાજપ તો કોઈ પણ ક્ષણે ચૂંટણી જંગમાં ચૂકવવા માટે સજ્જ છે ત્યારે ચીન અદ્રશ્ય રીતે દખલગીરી કરવાના કાવતરા કરી રહ્યું છે તે સાઇબર એટેક કરશે.

# ખાનદાની - વફાદારી : માલિક - મજૂર

### ચાર ચાર પેઢીથી એક ગિરાસદાર પરિવાર અને તેને ત્યાં કામવાળા તરીકે એટલી જ પેઢીથી સેવા આપનાર મજૂર પરિવારનો વૃદ્ધ માણસ એકલો પડી ગયો ત્યારે તેની જીવલેણ બિમારી વખતે ગિરાસદાર પરિવાર તેની પડખે રહીને તેને બેઠો કરી દે છે

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

ખેડૂત ગિરાસદાર જાલમસંગને ત્યાં એવી તો રિયાસત કે ગાયો ભેંસોનાં ધણ અને બળદોની બે જોડ તથા ઘોડી, વાડી, ખેતર અને સીમની પૂરેપૂરી મિલકત છે. એનાં વાડી-ખેતરમાં કામ કરનારા માણસો અને ઘરે દરબારગઢમાં એના મજૂર માણસોનાં બૈરાં ને છોકરાંઓ આખો દી કામ કર્યા કરે. એને ત્યાં કામ કરનારા માણસો બધાં ગરીબ ઘરનાં એટલે અહીં એ સૌનું ગુજરાન નભતું. જાલમસંગ બાપુનો દેવ જેવો સ્વભાવ એટલે એની વાડીમાં, ખેતરમાં, એની સીમમાં, એના ડુંગરમાં ભેંસો ને ગાયો તથા બળદ ઘોડાને સાચવનારા ચાર પાંચ કુટુંબોની રોજી રોટી મળતી.

આ જાલમસંગ બાપુના પરિવારની ચાર પેઢી વીતી ગઈ. એને ત્યાં કામ કરનારા પરિવારોની પણ ચાર પેઢી પસાર થઈ ગઈ હતી. સમયે કરવટ બદલ્યું. કાળક્રમે દરબારની રિયાસત ઓછી થવા માંડી. એને ત્યાં કામ કરનારા પરિવારો એક પછી એક, એમ આ ગામડું છોડીને શહેર ભણી ઉછાળા ભરી ગયા. એક કુટુંબમાંથી એક સાઈઠ વર્ષની ઉંમરનો માણસ, જે આ ખોરડું છોડવા માંગતો ન હતો. એણે તો જે ધણી ધાર્યો એ જ સાચો. હવે એને બીજો કોઈ ધણી ન કરવો એવી ભાવના સાથે જાલમસંગ બાપુનું કુટુંબ છોડ્યું નહીં. આખરે તો તેના પરિવારમાં આ ગામડે કોઈ ન રહ્યું. એના ઘરવાળા પણ સ્વર્ગે સીધાવ્યા. એના છોકરાઓ મોટા થયા એટલે શહેર ભણી સ્થળાંતર કરી ગયા. અહીં આ એક બુઢો આખો દી બાપુનાં ખેતરવાડી અને ગઢનું વૈતરું કર્યા કરે છે.

દરબારગઢના વીઘા એક ફળિયાની વચ્ચે એક ઊંચું નાળિયેરીનું ઝાડ છે. તેની આસપાસ આખો દિવસ આ ફળિયે બુઢો માણસ કામ કર્યા કરે. એક દિવસ સાંજના ટાણે એને થયું કે નાળિયેરી એટલી બધી ઊંચી અને એના ઉપર સાત આઠ નાળિયેર પાકીને ટબા થઈ ગયાં છે. જાલમસંગ બાપુના ચોથી પેઢીના સંતાનોને આ નાળિયેરનું પાણી પાવા માટે હવે નાળિયેરી ઉપર ચડે એવું કોઈ નહોતું. એટલે પોતે હિંમત કરીને ધીમે ધીમે ધીમે નાળિયેરી ઉપર ચડ્યો. નાળિયેર તોડવામાં એના હાથ ટૂંકા પડે એટલે નાળિયેરીના ઉપરના થડિયે પોતાના બન્ને પગની આંટી વાળીને બે હાથે નાળિયેર તોડવા પ્રયત્ન કરતો રહ્યો. અચાનક એના હાથ અને પગ છૂટી ગયા. તે સીધો નાળિયેરીના મૂળ પાસે ક્યારામાં આવીને પટકાઈ પડ્યો.

ફળિયામાં ધબાકો સાંભળીને જાલમસંગ બાપુની ચોથી પેઢીના વારસદાર યુવાને દોડતાં આવીને જોયું તો એ કોથળાની જેમ નાળિયેરીના થડ પાસે પડ્યો હતો. એનો જીવ સલામત હતો. તેને બેઠો કરવા પ્રયત્ન કર્યો પણ એણે કહ્યું કે, ' બાપુ ! મારી કેડ ભાંગી ગઈ હોય એવું લાગે છે. '

આ ઉંમરે હાડકાં બરડ થઈ જવાથી કેલ્શિયમ ઘટી ગયું હોય અને ભાંગતૂટ થયા પછી સાજા થવામાં વાર તો લાગે જ. તેને બેઠો કરીને જાણ્યું તો તેના થાપાનું હાડકું ભાંગી ગયું હતું. એટલે એને જોળીમાં નાખીને જાલમસંગ બાપુના વારસદારે એને ધીમે ધીમે પોતાના ફોરવીલમાં સૂવડાવ્યો. શહેરમાં સરકારીને બદલે પ્રાઇવેટ દવાખાનામાં દાખલ કર્યો. ઓર્થોપેડિક સર્જને ઓપરેશન કરવા માટેની ફી રૂપિયા એંસી હજાર કીધા. આ તો જાલમસંગ બાપુનો પરિવાર ! ચાર ચાર પેઢીથી જેણે દરબારગઢથી માંડીને ખેતર-વાડી ને માલઢોર સહિત અહીંની આખી રિયાસતમાં સેવા કરી છે, એવો આ માણસ આજે ભાંગી પડ્યો. એની વૃદ્ધાવસ્થાએ પોતાના આખા પરિવારમાંથી કોઈ આ ગામમાં રહ્યું નથી. જેણે પોતે એકલા પંડ્યે આ દરબારનું ધણીપણું છોડ્યા વગર વફાદારી નિભાવી છે. તેને આત્યારે આ જાલમસંગ બાપુના ખાનદાને એંસી હજાર જેટલી ફી ભરીને ઓર્થોપેડિક સર્જનનું બીલ ચૂકવી દીધું



.એના પગે થાપાના હાડકાનું ઓપરેશન કરાવી આ દરબારના યુવકે એક મહિના સુધી પોતાના ગઢમાં રાખીને તેની સેવા કરી. એ માણસ હાલતો ચાલતો થયો એટલે વાડીમાં એને રહેવાની વ્યવસ્થા કરી આપી . એના કપડાંલતા, ખાવુંપીવું અને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ બાપુના પરિવારે પૂરી પાડી છે. વૃદ્ધાવસ્થા સુધી એને રોટલો પૂરો પાડ્યો છે. આમ એ માણસને પોતાના સંતાનો શહેરમાં લઈ જઈને સુખી ન કરે એવું સુખ આ ખાનદાન પરિવારે આપ્યું છે. એ વૃદ્ધ માણસ બેઠો થઈ ગયો. દરબાર પરિવારે એની પૂરેપૂરી કાળજી લેવાની ચાલું રાખી. વળી, એ માણસે પોતાના માલિક-ધણીના ગઢથી વાડી સુધીનું કામ ઉપાડી લીધું. આ વાતને તો વર્ષો વીત્યાં પણ એ માલિક અને મજૂરમાં રહેલ અરસપરસની ખાનદાની કે વફાદારીનાં મૂલ એટલાં ઊંચા કે હજી આજેય એ વાત ભૂલાતી નથી.

# દુનિયાનો સૌથી મોટો કેમેરો તૈયાર




અંતરીક્ષના અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી મોટો ડિજિટલ કેમેરા બનાવ્યો છે. આ કેમેરા ૩૨૦૦ મેગાપિક્સલનો છે. 'લેગસી સર્વે ઓફ સ્પેસ એન્ડ ટાઈમ' કેમેરાને ચિલીમાં હાજર રુબિન ઓબ્ઝર્વેટરીના સિમોની સર્વે ટેલિસ્કોપમાં લગાવવામાં આવશે.

આ કેમેરા નાની કારના આકારનો છે. તેનું વજન ૩૦૦૦ કિલોગ્રામ છે. તેનો આગળનો લેન્સ ૧.૫ મીટર એટલે લગભગ ૫ ફીટના વ્યાસનો છે. જ્યારે, બીજો લેન્સ ૩ ફીટ પહોળો છે. આ બંને લેન્સને ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા વેક્યુમ ચેમ્બરમાં સેટ કરવામાં આવ્યો છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી ઓફિસ ઓફ સાયન્સ દ્વારા ખગોળશાસ્ત્રીય તકનીકમાં મહત્વપૂર્ણ એવા એલએસએસટી કેમેરાને બનાવવા માટે યોગદાન આપવામાં આવ્યું છે. બ્રહ્માંડના રહસ્યો ઉજાગર કરવાની ક્ષમતા ધરાવતા આ કેમેરાને બનાવવામાં વૈજ્ઞાનિકોને ૨૦ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. વૈજ્ઞાનિકોને ભરસો છે કે, આ કેમેરા અંતરીક્ષની એચડી તસવીર લેવા સક્ષમ છે. આ કેમેરા કોસમોસની વિગતો મેળવવાની સાથે ડાર્ક મેટર, ડાર્ક એનર્જી, આકાશગંગા અને સૌરમંડળનો અભ્યાસ કરવા મદદ કરશે. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના પ્રોફેસરજેલ્કો ઈવેજિકના જણાવ્યા અનુસાર, આ કેમેરા અંતરીક્ષની નવી ફિલ્મો બનાવવાની સાથે સુંદર તસવીરો લેશે.

# મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જીઆઈ ટેગ

વિશેષ

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના નાના શહેર મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન (જીઆઈ) ટેગ મળ્યો છે. આ પ્રદેશ સંગીતનાં સાધનો બનાવવાની કારીગરી માટે જાણીતો છે. ઉત્પાદકોએ દાવો કર્યો હતો કે આ સાધનો મિરજમાં બનાવવામાં આવે છે અને શાસ્ત્રીય સંગીતના કલાકારો તેમજ ફિલ્મ ઉદ્યોગના જાણીતા કલાકારોમાં તેની ભારે ડિમાન્ડ હોય છે.

ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં ઉત્પાદિત પ્રોડક્ટને જીઆઈ ટેગ મળે છે અને આ ઉત્પાદનના વ્યાવસાયિક મૂલ્યમાં વૃદ્ધિ કરે છે. સંગીતના આ સાધનોના નિર્માતાઓએ જણાવ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરા બનાવવાની પરંપરા ૩૦૦ વર્ષથી વધુ જૂની છે. સાત પેઢીઓથી વધુ સમયથી કારીગરો આ તંતુવાદ્યો બનાવે છે.

૩૦ માર્ચના રોજ ભારત સરકારની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફિસે સિતાર માટે મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને તાનપુરા માટે સોલ્યુટ્યુન મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ પ્રોડ્યુસર ફર્મને જીઆઈ ટેગ આપ્યો હતો. મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ ક્લસ્ટરના પ્રમુખ મોહસિન મિરજકરે જણાવ્યું હતું કે તેઓ શહેરમાં સિતાર અને તાનપુરાના બંને ઉત્પાદકો માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કામ કરે છે. તેમણે જણાવ્યું હતું કે તેમની સંસ્થામાં ૪૫૦ થી વધુ કારીગરો સિતાર અને તાનપુરા સહિતના સંગીતનાં સાધનો બનાવે છે. તેમણે કહ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરાની ખૂબ માગ છે, પરંતુ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ મર્યાદિત સંસાધનોને કારણે માગ પૂરી કરી શકાતી નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મિરજ નિર્મિત હોવાનો દાવો કરતા સંગીતનાં સાધનો દેશના ઘણા ભાગોમાં વેચાય છે. જ્યારે અમને આ અંગે ફરિયાદો મળવા લાગી, ત્યારે અમે ઇન્સ્ટ્રુમેન્ટ માટે જીઆઈ ટેગ મેળવવાનું નક્કી કર્યું અને ૨૦૨૧માં તેના માટે અરજી કરી હતી.

# લાઈટ પોલ્યુશનની ભયાનક અસર

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

### કૃત્રિમ પ્રકાશ સામે આવી જતા દરિયા માર્ગે દૂર દૂરથી આવતા યાયાવર પક્ષીઓ ભટકાઈને મૃત્યુ પામે છે અથવા તેમના ઊર્જા અનામતનો મોટો જથ્થો ગુમાવે છે અને થાકી જાય છે ઉડી શકતા નથી આથી તે દરિયામાં અથવા જમીન પર પડીને મૃત્યુ પામે છે દાખલા તરીકે, ઉત્તર સમુદ્રમાં આવું બને છે, જ્યાં નિશાચર રીતે સ્થળાંતર કરતા પક્ષીઓની સંખ્યા ઘણી ઓફશોર પ્લેટફોર્મ્સ તરફ આકર્ષાય છે અને તેની સાથે ભટકાઈને મૃત્યુ પામે છે



પોલ્યુશન માત્ર હવાનું પાણીનું કે વાયુનું જ નથી થતું પરંતુ લાઇટ એટલે પ્રકાશનું પણ પોલ્યુશન થાય છે જેને લાઈટ પોલ્યુશન કહેવામાં આવે છે આ લાઈટ પોલ્યુશનને કારણે જે અસરો થાય છે તે માની ન શકાય તેવી ભયંકર છે અચાનક જળહળથી ફ્રોડ લાઈટોને કારણે માણસની આંખો અજાય છે તે જ રીતે પક્ષીઓ પ્રાણીઓની આંખો પણ જાય છે થોડીવાર માટે તેને દેખાતું બંધ થાય છે અને તે મિસ ગાઈડ થઈ જાય છે દિશા ભૂલી જાય છે અને આકાશમાં ઉડતા પક્ષીઓ બિલ્ડીંગ સાથે કે અન્ય કોઈ ટાવર સાથે ભટકાઈને નષ્ટ થાય છે

ભાવનગરમાં કુંભારવાડે આવેલા પીજીવીએસએલના ઊંચા ટાવર સાથે અને તેના વાયર સાથે ભટકાઈને અસંખ્ય પક્ષીઓ કે જેવો દૂર દૂરથી ઉડીને આવે છે તેના મરણ પામવાના અનેક ઘટનાઓ બને છે પરંતુ માત્ર ભાવનગરના નહીં પણ ગુજરાતના પર્યાવરણ પ્રેમીઓ આ બાબતમાં કોઈપણ જાતની જાગૃતિ દાખવતા નથી તે આપણા માટે સારી બાબત નથી. અબજો વર્ષોથી, તમામ જીવન પૃથ્વીની દિવસ અને રાત્રિની ઘટમાળ રોજ જુએ છે અને તેને અનુરૂપ તે પોતાના જીવનને અને મનને એડજસ્ટ કરે છે

અને પ્રાણીઓના ડીએનએમાં એન્કોડેડ છે. માણસોએ રાત્રીના પ્રકાશ દ્વારા આ ચક્રને ધરમૂળથી ખરાબ કરી નાખ્યું છે.

છોડ અને પ્રાણીઓ પ્રજનન, પોષણ, ઊંઘ અને શિકારીથી રક્ષણ જેવા જીવન ટકાવી રાખવાની વર્તણૂકોને સંચાલિત કરવા માટે પૃથ્વીના પ્રકાશ અને અંધારાના દૈનિક ચક્ર પર આધાર રાખે છે.

વૈજ્ઞાનિક પુરાવા સૂચવે છે કે રાત્રે કૃત્રિમ પ્રકાશ ઉભયજીવીઓ, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, જંતુઓ અને છોડ સહિત ઘણા જીવો પર નકારાત્મક અને ઘાતક અસરો કરે છે. આવી જ રીતે કૃત્રિમ લાઇટ્સ વિશ્વની ઇકોસિસ્ટમને વિક્ષેપિત કરે છે

નિશાચર પ્રાણીઓ દિવસ દરમિયાન ઊંઘે છે અને રાત્રે સક્રિય હોય છે. પ્રકાશ પ્રદૂષણ રાતને દિવસમાં ફેરવીને તેમના રાત્રિના વાતાવરણમાં ધરમૂળથી ફેરફાર કરે છે. સંશોધન વૈજ્ઞાનિક ક્રિસ્ટોફર કાયબાના જણાવ્યા મુજબ, નિશાચર પ્રાણીઓ માટે "કૃત્રિમ પ્રકાશનો પરિચય સંભવતઃ મનુષ્યોએ તેમના પર્યાવરણમાં કરેલા સૌથી તીવ્ર ફેરફારને રજૂ કરે છે."

"શિકારીઓ શિકાર માટે પ્રકાશનો ઉપયોગ કરે છે, અને શિકારની પ્રજાતિઓ અંધકારનો ઉપયોગ કવર તરીકે કરે છે," કાયબા સમજાવે છે. "શહેરોની નજીક, વાદળછાયું આકાશ ૨૦૦ વર્ષ પહેલાં કરતાં સેંકડો અથવા તો હજારો ગણું વધુ તેજસ્વી છે. નિશાચર ઇકોલોજી પર આની શું ગંભીર અસર પડી છે તે અમે શીખવાનું શરૂ કર્યું છે."

કૃત્રિમ લાઇટોમાંથી ઝગઝગાટ ભીની જમીનના આવાસોને પણ અસર કરી શકે છે જે દેડકા અને દેડકા જેવા ઉભયજીવીઓનું ઘર છે, જેમની રાત્રિના સમયે ક્રોકિંગ એ સંવર્ધન વિધિનો એક ભાગ છે. કૃત્રિમ લાઇટ્સ આ નિશાચર પ્રવૃત્તિને વિક્ષેપિત કરે છે, પ્રજનનમાં દખલ કરે છે અને વસ્તી ઘટાડે છે.

"જ્યારે આપણે પર્યાવરણમાં પ્રકાશ ઉમેરીએ છીએ, ત્યારે તે લેન્ડસ્કેપ કેન પર બુલડોઝર ચલાવવાની જેમ રહેઠાણને વિક્ષેપિત કરવાની ક્ષમતા ધરાવે છે." કૃત્રિમ લાઈટો દરિયાઈ કાચબાને તેમના મૃત્યુ તરફ દોરી શકે છે હેચલિંગ લોગરહેડ દરિયાઈ કાચબો સલામતી તરફ સમુદ્ર તરફ જવાને બદલે માનવ નિર્મિત લાઇટને અનુસરીને અંદર તરફ વળે છે. (ફોટો ક્રેડિટ: બ્લેર વિથરિંગ્ટન) દરિયાઈ કાચબા સમુદ્રમાં રહે છે પરંતુ બીચ પર રાત્રે ઉછરે છે. બચ્ચાઓ સમુદ્ર પરની તેજસ્વી ક્ષિતિજને શોધીને સમુદ્ર શોધે છે. કૃત્રિમ લાઇટ્સ તેમને સમુદ્રથી દૂર ખેંચે છે. એકલા ફ્લોરિડામાં દર વર્ષે લાખો બચ્ચાઓ આ રીતે મૃત્યુ પામે છે. કૃત્રિમ લાઇટની ઘણી પક્ષીઓની પ્રજાતિઓ પર વિનાશક અસર પડે છે

પક્ષીઓ જે રાત્રે સ્થળાંતર કરે છે અથવા શિકાર કરે છે તે મૂનલાઇટ અને સ્ટારલાઇટ દ્વારા શોધખોળ કરે છે. કૃત્રિમ પ્રકાશ તેમને માર્ગથી દૂર અને શહેરોના રાત્રિના સમયે ખતરનાક લેન્ડસ્કેપ્સ તરફ ભટકવાનું કારણ બની શકે છે. દર વર્ષે લાખો પક્ષીઓ બિનજરૂરી રીતે પ્રકાશિત ઇમારતો અને ટાવર સાથે અથડાતા મૃત્યુ પામે છે. સ્થળાંતર કરનારા પક્ષીઓ યોગ્ય સમયબદ્ધ મોસમી સમયપત્રકના સંકેતો પર આધાર રાખે છે. કૃત્રિમ લાઇટ્સ તેમને ખૂબ વહેલા અથવા ખૂબ મોડેથી સ્થળાંતર કરી શકે છે અને માળો બાંધવા, ઘાસચારો અને અન્ય વર્તણૂકો માટે આદર્શ આબોહવાની પરિસ્થિતિઓને ચૂકી શકે છે.

તેમની ઇકોલોજીકલ ભૂમિકા ઉપરાંત, ફાયરફ્લાય બાળકો અને પુખ્ત વયના લોકો માટે આશ્ચર્ય અને આનંદનો સ્રોત છે.

ઘણા જંતુઓ પ્રકાશ તરફ ખેંચાય છે, પરંતુ કૃત્રિમ લાઇટ જીવલેણ આકર્ષણ પેદા કરી શકે છે. ઘટતી જંતુઓની વસ્તી ખોરાક અથવા પરાગનયન માટે જંતુઓ પર આધાર રાખતી તમામ પ્રજાતિઓ પર નકારાત્મક અસર કરે છે. કેટલાક શિકારી તેમના ફાયદા માટે આ આકર્ષણનો ઉપયોગ કરે છે, અણધારી રીતે ખોરાકના જાળાને અસર કરે છે.

# એન્ટાર્કટિકામાં ભારતે ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલી

## ભારત આ બર્ફીલા, નિર્જન વિસ્તારમાં સંશોધન મિશન ચલાવે છે જ્યાં ૫૦-૧૦૦ વૈજ્ઞાનિકો મહિના-લાંબા મિશન પર કામ કરે છે

નવીદિલ્હી

ઈન્ડિયા પોસ્ટે તેના ઐતિહાસિક પ્રયાસના ભાગરૂપે દક્ષિણ ધ્રુવ નજીક બર્ફીલા ખંડ એન્ટાર્કટિકામાં તેની ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલી છે. ભારત આ બર્ફીલા, નિર્જન વિસ્તારમાં સંશોધન મિશન ચલાવે છે જ્યાં ૫૦-૧૦૦ વૈજ્ઞાનિકો મહિના-લાંબા મિશન પર કામ કરે છે. એન્ટાર્કટિકામાં ભારતના સંશોધન સ્ટેશનનું નામ 'ભારતી સ્ટેશન' છે. તેની શરૂઆત મહારાષ્ટ્ર સર્કલના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ કે.કે.શર્માએ વેબ લિંક દ્વારા કરી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ કે.કે.શર્માએ જણાવ્યું હતું કે ભારતે એન્ટાર્કટિકામાં દક્ષિણ ગંગોત્રી સ્ટેશનમાં તેની પ્રથમ પોસ્ટ ઓફિસ ખોલી હતી. અને બીજી પોસ્ટ ઓફિસ ૧૯૯૦માં મૈત્રી સ્ટેશનમાં ખોલવામાં આવી હતી અને હવે ૫ એપ્રિલે એન્ટાર્કટિકામાં ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલવામાં આવી છે. સૌથી રસપ્રદ બાબતએ છે કે એન્ટાર્કટિકામાં ત્રીજી પોસ્ટ ઓફિસ ખોલવા માટે ૫ એપ્રિલ શા માટે પસંદ કરવામાં આવી છે. વાસ્તવમાં, ૫ એપ્રિલ એ નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) નો ૨૪મો સ્થાપના દિવસ હતો. એન્ટાર્કટિકામાં ખોલવામાં આવેલી નવી પોસ્ટ ઓફિસને પ્રાયોગિક ધોરણે પિનકોડ MH-1718 આપવામાં આવ્યો છે, જે નવી શાખાઓ ખોલવા માટેના નિયમો અનુસાર છે.

એન્ટાર્કટિકા ઓપરેશન્સના ગ્રુપ ડાયરેક્ટર શૈલેન્દ્ર સૈનીએ કહ્યું કે આ સાંકેતિક છે પરંતુ તેમ છતાં આ પ્રયાસ એક માઈલસ્ટોન છે. આપણા વૈજ્ઞાનિકો પાસે સોશિયલ મીડિયા છે પરંતુ તેઓ આ ધીમી ગતિના માધ્યમ દ્વારા તેમના પરિવાર સાથે જોડાયેલા રહે છે. આ એ સમય છે જ્યારે લોકોએ પત્ર લખવાનું બંધ કરી દીધું છે, આવા સમયમાં લોકોને એન્ટાર્કટિકાના સ્ટેમ્પવાળા પત્રો મળી રહ્યા છે. અમે વર્ષમાં એકવાર બધા પત્રો એકત્ર કરીશું અને પછી ગોવામાં અમારા હેડક્વાર્ટરમાંમાં મોકલીશું. અહીંથી વૈજ્ઞાનિકોના પરિવારજનોને પત્રો મોકલવામાં આવશે.

# 'હીરામંડી'નું પહેલુ ગીત રિલીઝ થયા બાદ સિરીઝને લઈને ફેન્સ ખુબ એક્સાઈટેડ




મુંબઈ,

જાણીતા ડાયરેક્ટર સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી'ની હાલ ઘણી ચર્ચા થઈ રહી છે. ટ્રેલર અને પહેલુ ગીત રિલીઝ થયા બાદ ફેન્સ આ સિરીઝને લઈને ખુબ એક્સાઈટેડ છે. ત્યારે હવે આ ફિલ્મનું બીજુ એક ગીત રિલીઝ થયું છે. જેમાં સોનાક્ષી સિન્હાનું પાગલપન જોઈ ફેન્સ ચોકી ગયા છે. સોનાક્ષી સિન્હા ક્યારેક પ્રેમમાં તો ક્યારેક એક્શન સિનમાં જોવા મળી છે પણ જે હાલ ગીત રિલીઝ થયું છે તેમાં સોનાક્ષીનો એક અલગ જ અંદાજ જોવા મળી રહ્યો છે. 'તિલસ્મી બાહે' આ ગીતનું નામ છે જે ગઈકાલે જ રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીતના આવવાથી વેબ સિરીઝને લઈને વાતાવરણ ખૂબ જ તંગ બની ગયું છે.

# ભારતની ચેતવણી છતાં યુકે અને અમેરિકાના સૈન્ય અધિકારી પીઓકે પહોંચ્યા

## કાશ્મીર મુદ્દે તનાવ વધી શકે છે : અમેરિકા અને બ્રિટન કાશ્મીર મુદ્દા દ્વારા ભારત પર દબાણ બનાવવાનો પ્રયાસ કરશે

નવીદિલ્હી

ભારતનો સખત વિરોધ અને ચેતવણીઓ છતાં અમેરિકા અને બ્રિટન કાશ્મીર મુદ્દે સતત હસ્તક્ષેપ કરી રહ્યા છે. બંને દેશોએ ભારત દ્વારા નિર્ધારિત રેડ લાઈનને વારંવાર ઓળંગી છે. નિષ્ણાતોનું માનવું છે કે ભારતના આંતરિક મામલે પશ્ચિમી દેશોનો હસ્તક્ષેપ વધુ વધી શકે છે. આ માનવાનું કારણ બ્રિટિશ અને અમેરિકન સૈન્ય કર્મચારીઓની તાજેતરની ગિલગિટ-બાલ્ટિસ્તાનની મુલાકાત છે. આ વિસ્તાર પરપાકિસ્તાનનો કબજો છે પરંતુ ભારત તેને પોતાનો ભાગ માનતું આવ્યુ છે. આવી સ્થિતિમાં આ ક્ષેત્રમાં આ બંને દેશોના સૈન્ય અધિકારીઓનું જવું એ ભારતમાં મોટા પાયે પ્રતિક્રિયા માટે ઉશ્કેરણીજનક છે.

ઈસ્લામાબાદમાં બ્રિટિશ હાઈ કમિશનરના સંરક્ષણ સલાહકાર બ્રિગેડિયર પોલ હેહર્સ્ટે પાકિસ્તાનમાં યુકે ડિફેન્સના એકાઉન્ટ પર પોતાના અને યુએસ એરફોર્સના અધિકારીની તસવીરો પોસ્ટ કરી હતી. આ તસવીરો સામે આવ્યા બાદ ભારતીય સોશિયલ મીડિયા યુઝર્સે ભારે પ્રતિક્રિયા આપી હતી. ભારતીય સોશિયલ મીડિયા યુઝર્સે તેને બ્રિટિશ અધિકારીઓ દ્વારા ભારતના સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ ગણાવ્યો છે.

આ વર્ષે જાન્યુઆરીમાં ભારતીય વિદેશ મંત્રાલયે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં બ્રિટિશ હાઈ કમિશનરની મુલાકાતને લઈને બ્રિટિશ સરકાર સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો હતો.

# દિશા પટણી શૂટિંગ દરમિયાન દરિયા કિનારે ધ્રૂજતી ઠંડીમાં રડતી જોવા મળી



મુંબઇ,

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટણી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે તેની ડેટ નાઈટથી લઈને તેની ફિલ્મોના અપડેટ્સ ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેની આગામી ફિલ્મના શૂટિંગની ઘણી ઝલક ચાહકો સાથે શેર કરી છે. અભિનેત્રી દિશા પટાનીએ ઈટાલીમાં તેની આગામી સાયન્સ ફિક્શન 'કલ્કી ૨૮૯૮ એડી'ના ચાલી રહેલા શૂટિંગના કેટલાક ફોટા અને વીડિયો શેર કર્યા છે, જેમાં તેના કો-સ્ટાર પ્રભાસ પણ જોઈ શકાય છે. દિશાના ઈન્સ્ટાગ્રામ પર ૬૧.૧ મિલિયન ફોલોઅર્સ છે. તેણે આ ફોલોઅર્સને ઈટાલીમાં ફિલ્મના શૂટ શેડ્યૂલની ઝલક બતાવી છે. આ તસવીરો શેર કરતી વખતે દિશા પટાનીએ કેપ્શનમાં લખ્યું કે, 'ઈટલીની તસવીરો ફેંકી દો... કલ્કિ, આ તસવીરો ઈ.સ. ૨૮૯૮ની છે.'

દિશાએ ઈન્સ્ટાગ્રામ પર ફોટા અને વીડિયોની શ્રેણી પોસ્ટ કરી છે. પહેલા વિડિયોમાં દિશા ડાર્ક પર્પલ બ્લેક્ટેટમાં લપેટીને બીચ પર ઠંડી પવનમાં ગણગણાટ કરતી જોવા મળે છે. તેની હાલત લગભગ રડવા જેવી છે. તે સ્પષ્ટ છે કે અભિનેત્રી ઠંડી વચ્ચે ખૂબ જ મહેનત કરી રહી છે.



# અદા શર્માએ એ એપાર્ટમેન્ટ ખરીદ્યું જેમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંતસિંહ રાજપૂત રહેતો હતો

મુંબઈ,

અદા શર્માને ધ કેરલા સ્ટોરી માટે ઘણી તાળીઓ મળી હતી. આ ફિલ્મે ટિકિટ બારી પર સારો બિઝનેસ કર્યો હતો. ફિલ્મ સુપરહિટ થયા પછી, અભિનેત્રીએ કથિત રીતે એ એપાર્ટમેન્ટ ખરીદ્યું હતું જેમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂત રહેતો હતો. આ સમાચાર સામે આવ્યા બાદ અદા હેડલાઈન્સમાં આવી ગઈ હતી.

તાજેતરમાં તે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વિશે વાત કરતી જોવા મળી હતી. અદાએ કહ્યું, "હું લોકોના દિલમાં રહું છું, હું અત્યારે એટલું જ કહેવા માંગુ છું." કંઈપણ વિશે બોલવાનો યોગ્ય સમય છે." તેણીએ ખુલાસો કર્યો કે જ્યારે તેણીએ સ્થળની મુલાકાત લીધી ત્યારે તે મીડિયાની પ્રતિક્રિયાથી ચોંકી ગઈ હતી અને અભિભૂત થઈ ગઈ હતી. અભિનેત્રીએ કહ્યું હતું કે તેણી તેના અંગત જીવનમાં લાઈમલાઈટથી દૂર રહે છે. અને તે તેને પસંદ કરે છે. તેમની ફિલ્મો દ્વારા લોકોની નજર.

જ્યારે સુશાંત સિંહ રાજપૂતના એપાર્ટમેન્ટના ઓનલાઈન વેચાણના સમાચાર સામે આવ્યા, ત્યારે અદા શર્મા તેના વિશે કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓથી દુઃખી થઈ ગઈ. તેને લાગ્યું કે જે હવે નથી તેના વિશે વાત કરવી ખોટું છે. આ વિશે વાત કરતાં તેણે કહ્યું, "મને લાગ્યું કે આટલી સુંદર ફિલ્મો આપનાર વ્યક્તિ હવે આ દુનિયામાં નથી, તેથી તેના વિશે આવી વાત કરવી યોગ્ય નથી. તે એવા અભિનેતા હતા જેમના માટે મને ખૂબ જ સન્માન છે.

# બ્રિટનની પ્રથમ ટર્કિશ મસ્જિદ બંધ થવાના આરે

બ્રિટન,

બ્રિટનની પ્રથમ તુર્કી મસ્જિદ બંધ થવાના આરે છે. મસ્જિદ ઈન્તેજામિયા પાસે ડેલ્સ્ટન, ઉત્તર-પૂર્વ લંડનમાં મસ્જિદ રમઝાનને કાર્યકારી ક્રમમાં રાખવા માટે પૈસા નથી. અહેવાલો અનુસાર, મસ્જિદના વધતા ખર્ચ અને પૂજા કરનારાઓની ઘટતી સંખ્યાને કારણે, તેને બંધ કરવા અથવા તેનું કદ ઘટાડવાના વિકલ્પ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

મસ્જિદનું સંચાલન કરતા એર્કિન ગુનીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તાજેતરના વર્ષોમાં મસ્જિદનું બિલ ત્રણ ગણું વધી ગયું છે. તેમણે એ પણ સ્વીકાર્યું કે તેઓને વિસ્તારના મુસ્લિમ સમુદાય તરફથી વધુ દાન અને સમર્થન મળવાનું શરૂ થયું છે પરંતુ મસ્જિદના ભાવિ પર હજુ પણ પ્રશ્નો છે. ગુનીએ મીડિયાને કહ્યું કે તે મસ્જિદ બંધ કરવા માંગતો નથી, પરંતુ તેની પાસે કોઈ વિકલ્પ નથી.

એર્કિન ગુનીએ કહ્યું કે અમે ટર્કિશ સાયપ્રિયોટ્સ છીએ. અમારા લોકો ક્યાં તો ગયા છે અથવા મરી ગયા છે અને શહેરમાં ૧૦-૧૫ વધુ મસ્જિદો ખુલી છે. તમને જણાવી દઈએ કે આ મસ્જિદ ૧૯૦૩માં બનેલ સિનાગોગ છે, જેને ૧૯૭૦ના દાયકામાં યહૂદી લોકોએ છોડી દીધું હતું. જે પછી એર્કિન ગુનીના પિતાએ તેને લીધું અને અહીં પ્રથમ તુર્કી મસ્જિદ બનાવી. ગુનીએ એ પણ જણાવ્યું કે શુક્રવારે મસ્જિદમાં સારી સંખ્યામાં નમાઝ આવે છે પરંતુ અઠવાડિયાના અન્ય દિવસોમાં અહીં બહુ ઓછા લોકો નમાઝ પઢવા આવે છે. આ પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યું કે આ વિસ્તારમાં દરો વધી ગયા છે, અને વધતા ભાવને કારણે અમારા સમુદાયના લોકો અન્ય સ્થળોએ રહેવા ગયા છે.

મસ્જિદના ખર્ચનું વર્ણન કરતાં એર્કિન ગુનીએ જણાવ્યું કે માસિક ખર્ચ ૪ હજાર પાઉન્ડ જેટલો છે અને દર શુક્રવારે ૨૦૦ થી ૪૦૦ પાઉન્ડનું દાન નમાઝ એકત્ર કરવામાં આવે છે.

# અરુણ ગોવિલ 'રામ' બાદ હવે રાજા દશરથ બનશે, કૈકૈયીના રોલમાં લારા દત્તા



મુંબઈ,

નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'નું શૂટિંગ શરુ થઈ ગયું છે. આ ફિલ્મના સેટની કેટલીક તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. તસવીરો જોઈને ખ્યાલ આવે છે કે ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકામાં અરુણ ગોવિલ જોવા મળશે. જ્યારે રાણી કૈકૈયીની ભૂમિકામાં લારા દત્તાને કાસ્ટ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર ફિલ્મ સિટીમાં ગુરુકુળનો સેટ તૈયાર થઈ ચૂક્યો છે. આ ફિલ્મના પ્રથમ શીડ્યુઅલમાં રામ, લક્ષ્મણ અને ભરતના બાળપણના પાત્રનો અભિનય કરનાર ચાઈલ્ડ આર્ટિસ્ટ શૂટિંગ કરી રહ્યા છે. જ્યારે અભિનેતા શિશિર શર્મા તેમાં ગુરુ વશિષ્ઠના રોલમાં જોવા મળશે. ટૂંક જ સમયમાં રણબીર પણ આ ફિલ્મની શૂટિંગ શરુ કરશે. ભગવાન રામના હાવભાવ અને ભાષા શૈલીનું સારી રીતે ફિલ્માંકન કરવા માટે રણવીર વોઈસ અને ડિક્શન ટ્રેનિંગ(બોલવાની રીત) લઈ રહ્યો છે.

રણબીર પોતાના રોલની સાથે સંપૂર્ણપણે ન્યાય કરવા ઈચ્છે છે. તે આ રોલ માટે કલાકો સુધી પ્રેક્ટિસ કરી રહ્યો છે. રણબીર ડાયલોગ્સ યાદ કરવા માટે વીડિયા બનાવે છે અને એપ્રૂવલ માટે ડાયરેક્ટરની પાસે મોકલે છે. એપ્રૂવલના હિસાબથી એ પોતાની ટ્રેનિંગ પર ધ્યાન આપવા ઈચ્છે છે. પહેલાં પણ અહેવાલ હતા કે ફિલ્મ એપ્રિલમાં ફ્લોર પર આવી જશે. મેકર્સ ફિલ્મ 'રામાયણ'ને ૪ ભાગમાં રિલીઝ કરશે. પ્રથમ ભાગ આગામી વર્ષે જૂન સુધીમાં રિલીઝ થાય તેવી ધારણા છે.

# ચૂંટણી પહેલા 'ગબ્બર' અને 'ઠાકુર'ની એન્ટ્રી મતદાન વધારવા ચૂંટણી પંચે પોસ્ટર લગાવ્યા

જયપુર

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતમાં લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીને લઈને વહીવટીતંત્ર અને તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. લોકસભા ચૂંટણી પહેલા શોલે ફિલ્મના ડાકુ ગબ્બર સિંહ અને ઠાકુરના પોસ્ટર અચાનક એન્ટ્રી થઈ ગયા છે.

જોકે, આ પોસ્ટર કોઈ રાજકીય પક્ષ દ્વારા નહીં પરંતુ ચૂંટણી પંચ દ્વારા મતદારોને જાગૃત કરવા માટે લગાવવામાં આવ્યા છે. મતદારોને મતદાન અંગે જાગૃત કરવાના હેતુથી ચૂંટણી પંચની આ અનોખી પહેલ છે. ચૂંટણી પંચનું આ ફિલ્મનું પોસ્ટર સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે.

મતદારોને જાગૃત કરવા ચૂંટણી પંચ દ્વારા અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, ૪૮ વર્ષ પછી, ફિલ્મ શોલેના ડાકુ ગબ્બર સિંહ અને ઠાકુરના પોસ્ટર સિરોહી અને નગરપાલિકા શિવગંજમાં લગાવવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવા માટે આ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. પોસ્ટર પર લખવામાં આવ્યું છે કે, અમને આ હાથ આપો, ઠાકુર. જેના જવાબમાં લખ્યું છે કે, પહેલા મને વોટ કરવા દો. લોકશાહીના મહાન પર્વમાં મતદાનની ટકાવારી વધે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદારોને જાગૃત કરવા અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે સિરોહી અને નગરપાલિકા શિવગંજ વિસ્તારમાં લગાવવામાં આવેલા શોલે ફિલ્મના પોસ્ટરો દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

શોલે ફિલ્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મ રિલીઝ થતાની સાથે જ તેણે લોકોના દિલ અને દિમાગ પર કબજો જમાવી લીધો. જો કે આ ફિલ્મના દરેક ડાયલોગ ખૂબ ફેમસ થયા હતા.



# જો મારી સામેનો વ્યક્તિ સાચો હશે અને મારા તમામ માપદંડોને પૂર્ણ કરશે તો હું ચોક્કસ લગ્ન કરીશ : સુષ્મિતા

મુંબઈ

સુષ્મિતા સેન છેલ્લે વેબ સિરીઝ તાલી અને આર્ય ૩માં જોવા મળી હતી અને બંને સિરીઝ માટે ઘણી લાઈમલાઈટ મેળવી હતી. આ સિવાય તેના સંબંધો અને બોયફ્રેન્ડ માટે હેડલાઈન્સમાં રહે છે. એ વાત તો આપણે બધા જાણીએ જ છીએ કે છેલ્લા થોડા સમયથી બૉલીવુડમાં લગ્નની સિઝન ચાલી રહી છે એવામાં હવે વધુ એક અભિનેત્રી લગ્નના બંધનમાં બંધાઈ શકે છે એવી ચર્ચા ચાલી રહી છે. પોતાના કામ સાથે અંગત જીવનને લઈને બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન લોકો વચ્ચે ચર્ચામાં રહે છે અને લગભગ ચાહકો હવે તેમના લગ્નની રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં જ અભિનેત્રીએ તેના લગ્નના પ્લાન વિશે વાત કરી છે.

જાણીતું છે કે બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન છેલ્લે વેબ સિરીઝ તાલી અને આર્ય ૩માં જોવા મળી હતી. તેણે બંને સિરીઝ માટે ઘણી લાઈમલાઈટ મેળવી હતી. આ સિવાય તેના સંબંધો અને બોયફ્રેન્ડ માટે હેડલાઈન્સમાં રહી છે. દરમિયાન એક વાતચીતમાં સુષ્મિતા સેને જણાવ્યું કે કેવી રીતે તેની લવ લાઈફ હંમેશા એક ખુલ્લી કિતાબ જેવી રહી છે. અભિનેત્રીએ કહ્યું, 'મારું જીવન ચોક્કસપણે એક ખુલ્લું પુસ્તક છે કારણ કે મેં તેને ખૂબ જ પ્રામાણિકતાથી અને ક્યારેક નિર્ભયતાથી જીવ્યું છે.

# રાજકોટમાં રામનવમી-મહાવીર જયંતી નિમિતે માસ-મટન-ચીકનના વેચાણ પર પ્રતિબંધ

## જાહેરનામાનો ભંગ કરનાર સામે ધોરણસરની કાર્યવાહી થશે: કમિશ્નર આનંદ પટેલનો હુકમ



રાજકોટ,
આગામી તા.૧૭ એપ્રિલના રામનવમી નિમિતે તથા તા.૨૧ ના મહાવીર જયંતી નિમિતે મહાનગર પાલીકાના વિસ્તા રમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેચાણ કે સ્ટોર કરવા પર પ્રતિબંધનું મ્યુંનિ. કમિશ્નર આનંદ પટેલ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.આ અંગે આનંદ પટેલે પ્રસિધ્ધ કરેલ જાહેરનામામાં જણાવ્યું હતું કે સંબંધકર્તા સર્વેએ ધી જીપીએમસી એક્ટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા વંચાણે લીધેલ રાજકોટ મહાનગર પાલીકાના બાયલોઝ અન્વસયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સબંધકર્તા તમામે ગંભીર નોંધ લેવી.

# રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં શરદી, ઉધરસ, તાવ, ઝાડા-ઉલ્ટીના ૧૪૮૭ કેસ

## મનપા દ્વારા ૭૦૦ ઘરોમાં ફોગીંગ: મચ્છર ઉત્પતિ સબબ ૫૫૬ને નોટીસ

રાજકોટ,
રાજકોટ શહેરમાં છેલ્લા અઠવાડીયાથી દિવસોથી સીઝનલ રોગચાળો વકરતો જાય છે. ત્યારે એક સપ્તાહમાં ઝાડા, ઉલ્ટી, તાવના ૧૪૮૭ થી વધુ કેસ નોંધાયા છે.

આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા. ૨૫ માર્ચથી ૧ એપ્રીલ સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત જોતાં મચ્છકરજન્યત રોગચાળાનો ૩ કેસ છેલ્લા સપ્તાહમાં ચિકનગૂનીયાનો ૧, ડેન્યુનો ૧ અને મેલેરીયાના પણ એક મેલેરીયાના ૩, ડેન્યુના ૯ તથા ચિકનગુનિયાના ૧૪ કેસ નોંધાયા છે.





શરદી-તાવના ૧૪૮૭ થી વધુ કેસ શહેરમાં શરદી-ઉધરસના કેસ ૯૨૬ તેમજ સામાન્યપતાવના ૩૧૨ અને ઝાડા-ઉલ્ટીના કેસ ૨૪૯ સહિત કુલ ૧૪૮૭ દર્દીઓ નોંધાયા હતા.

મચ્છર ઉત્પસતિ સબબ ૫૫૬ને નોટીસ

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ધનીષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૬૬૬૩ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે. તથા ૭૦૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૧૦૯૮ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ દેખાતા ૫૫૬ લોકોને નોટીસ પાઠવી હતી.

# ડીજીપી કપ ટી-૨૦ ટુર્નામેન્ટમાં રાજકોટ શહેર પોલીસ ચેમ્પિયન

## કેપ્ટન પીઆઇ બી.ટી. ગોહિલની આગેવાનીમાં ટીમનું જબરદસ્ત પ્રદર્શન રહ્યું



રાજકોટ,
રાજકોટ શહેર પોલીસની ક્રિકેટ ટીમ ડીજીપી કપ ટી-૨૦ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થતાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી સહિત તમામ અધિકારીઓ, કર્મચારીઓએ ટીમ પર શુભેચ્છાઓનો ધોધ વરસાવ્યો હતો. પીઆઇ બી. ટી. ગોહિલની કેપ્ટનશીપ હેઠળની આ ટીમે ગઈકાલે અમદાવાદ ખાતે રમાયેલા ડીજીપી કપ ટી-૨૦ના ડે-નાઈટ ફાઇનલ મેચમાં એસઆરપી ગ્રુપની ટીમને હરાવી વિજય હાંસલ કર્યો હતો. એસઆરપી ગ્રુપની ટીમે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવી ૧૬૩ રનનો ટારગેટ રાજકોટ શહેર પોલીસની ટીમે આપ્યો હતો. જેમાં અજય ડાભીએ ૪૨ દડામાં ૭૦ રન (પાંચ ચોગ્ગી પાંચ છગ્ગાલ) તથા મેસુર આહિરે ૩૪ દડામાં ૪૩ રન (પાંચ ચોગ્ગુ અને બે છગ્ગાસ)ની મદદથી સટાસટી બોલાવી દીધી હતી. અને ટીમને વિજય નજીક પહોંચાડી દીધી હતી. છેલ્લે સોકત ખોરમ ૧૪ રને અને કિશન કુગશીયા ૧૨ રને અણનમ રહ્યા હતાં. સીટી પોલીસ તરફથી કિશન કુગશીયાએ ચાર ઓવરમાં અઢાર રન આપી બે વિકેટ, સુભાષ ઘોઘારીએ એક, નિર્મલસિંહ ઝાલાએ એક, રવીરાજ એક અને કેતન પરમારને એક વિકેટ મળી હતી.

# રાજકોટમાં અર્ધ લશ્કરી દળના જવાનોની ફલેગ માર્ચ

## ઉમેદવારની ટિકિટ રદ કરવાની માગણી સાથે ચાલી રહેલા આંદોલન વચ્ચે રાજકોટમાં અર્ધલશ્કરી દળની કંપની તહેનાત

રાજકોટ
લોકસભાની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે ટુંક સમયમાં ઉમેદવારી પત્રક ભરવાની કામગીરી શરૂ કરવામાં આવશે ત્યારે શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે ચુંટણી પંચ દ્વારા ફાળવવામાં આવેલ અર્ધ લશ્કરી દળની રાજકોટ શહેરના રાજમાર્ગો પર ફલેગમાર્ચ કરવામા આવી હતી.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે જો ઉમેદવારની ટીકીટ રદ નહીં થાય તો આ વખતની ચુંટણીમાં ખરાખરીના ખેલ થાય તેવા એંધાણ




મળી રહ્યા છે.રાજકોટ શહેરમાં ચૂંટણીપંચ દ્વારા ફાળવવામાં આવેલ અર્ધલશ્કરી દળની કંપની રાજકોટ આવી પહોંચ્યા બાદ આજે પોલીસના જવાનો સાથે સદર બજાર વિસ્તારમાં અર્ધલશ્કરી દળની કંપનીએ ફલેગમાર્ચ કરી હતી.

# આંગણે આવેલા અણમોલ અવસરનું અનોખું આમંત્રણ

## સહપરિવાર મતદાન થકી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થવા મહિલા મતદારોને ખાસ અનુરોધ કરતાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી: ૨૦.૩ લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે

રાજકોટ
વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે એક પરંપરા એવી છે જે લગભગ દેશભરમાં જોવા મળે છે. અને એ છે આંગણે આવેલા અવસરના આમંત્રણની. પારિવારિક અને માંગલિક પ્રસંગોના આમંત્રણની પ્રથાને એક સોપાન આગળ વધારતાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે મતદારોને સહપરિવાર આમંત્રણ પાઠવતી પત્રિકા મોકલવામાં આવશે.ગણતરીના દિવસોમાં જ દેશભરમાં લોકશાહીના મહાપર્વની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે રાજ્યના ૧૩ હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીનો તફાવત ૧૦ ટકા કરતાં વધુ હોય તેવા અને કુલ મતદાન ૫૦ ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ ૧૩ હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. આ મતદાન મથકો પર મતદાનનું પ્રમાણ વધે તે માટે ગ્રામ્ય કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને શહેર કક્ષાએ નાયબ મ્યુનિસિપલ કમિશનર્સની, ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP)ના નોડલ ઑફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્યના આવા ઓળખ કરાયેલા લગભગ ૧૩ હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે રાજ્યભરમાં સપરિવાર મતદાન કરવા અનુરોધ કરતી કુલ ૨૦.૩ લાખ કરતાં વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે.

આ આમંત્રણ પત્રિકા થકી મુખ્ય



નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા મહિલા મતદારોને દૈનિક કામગીરીની વ્યસ્તતામાંથી થોડો સમય કાઢી સહપરિવાર મતદાન કરવા તથા અન્યોને પણ મતદાન માટે પ્રેરણા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ઓછા મતદાનના કારણો અંગે ચર્ચા કરવા તેમજ મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટેના પ્રયાસો કરવા તમામ મતદાન મથકો પર ચુનાવ પાઠશાલાનું આયોજન કરવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને જણાવવામાં આવ્યું છે. ચુનાવ પાઠશાલા અંતર્ગત આશા વર્કર, આંગણવાડી કાર્યકર, બુથ લેવલ ઑફિસર, શાળાના આચાર્ય, તલાટી, ગ્રામ સેવક, ગામના બિનરાજકીય સામાજિક આગેવાન અને સ્વસહાય જૂથના સભ્યો દ્વારા શેરી બેઠકો યોજવામાં આવે છે. ચુનાવ પાઠશાલા અંતર્ગત યોજાનાર આ બેઠકોમાં ગત ચૂંટણીના પુરૂષ-મહિલા મતદાનના આંકડા બાબતે તથા મહિલાઓના ઓછા મતદાનના કારણોની ચર્ચા કરી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં વધુમાં વધુ મતદાન થાય તે માટે સપરિવાર મતદાનનો સંકલ્પ ગ્રહણ કરાવવામાં આવશે.

# ભારત વિકાસ પરિષદની ગુજરાત મધ્ય પ્રાંતની વાર્ષિક અસાધારણ સભા યોજાઈ

## પ્રમુખ તરીકે ફાલ્ગુનભાઈ વોરા, સચિવ તરીકે સુરેશભાઈ પટેલ, ખજાનચી તરીકે મનસુખભાઈ કાછડીયાની કરાઈ વરણી

અમદાવાદ
ભારત વિકાસ પરિષદ,અખિલ ભારતીય કક્ષાએ કાર્ય કરતું સામાજિક, સેવાભાવી, બિન રાજકીય સંગઠન છે. તેનાં ઉપક્રમે ભારત વિકાસ પરિષદની ગુજરાત મધ્ય પ્રાંતની વાર્ષિક અસાધારણ સભા મણિનગર,અમદાવાદ ખાતે સ્થિત એવા હેડગેવાર ભવન ખાતે યોજાઈ ગઈ.આ સભામાં ભારત વિકાસ પરિષદ ગુજરાતના ટ્રસ્ટીશ્રી વલ્લભભાઈ રામાણી ની અધ્યક્ષતામા, ભા.વિ.પનાં અખિલ ભારતીય અધિકારી શ્રી વિનોદભાઈ શાહ દ્વારા આગામી વર્ષ એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫



માટે ગુજરાત મધ્યપ્રાંત ના પ્રમુખ,સચિવ, ખજાનચી, મહિલા સંયોજિકા તેમજ સમગ્ર કારોબારીની જાહેરાત કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે શ્રી ફાલ્ગુનભાઈ વોરા, સચિવ તરીકે શ્રી સુરેશભાઈ પટેલ, ખજાનચી તરીકે શ્રી મનસુખભાઈ કાછડીયા,

મહિલા સંયોજીકા તરીકે શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર તેમજ સમગ્ર કારોબારીના નામની જાહેરાત કરવામાં આવી.

# ડો. મનસુખ માંડવિયાના ઘોડા-ગાડામાં પ્રચાર





રાજકોટ
ગુજરાતમાં લોકસભાની સૌથી હાઇ પ્રોફાઇલ ગણાતી રાજકોટ અને પોરબંદરની બેઠકો ઉપર કેન્દ્ર સરકારનો બે કદાવર મંત્રીઓ પરસોતમભાઇ રૂપાલા અને ડો.મનસુખ માંડવિયા ચૂંટણી લડતા હોય, ભાજપના આ બંન્ને ઉમેદવારો ચૂંટણી પ્રચાર માટે પણ અલગ-અલગ તરકીબો અજમાવી લોકોમાં આકર્ષણ ઊભુ કરી રહ્યા છે. પોરબંદરના ઉમેદવાર ડો.મનસુખભાઇ માંડવિયાએ જામકંડોરણા તાલુકામાં પ્રચાર દરમિયાન સ્થાનિક ધારાસભ્ય જયેશ રાદડિયા સાથે ઘોડે સવારી અને ગાડામાં સવારી કરી હતી.

# બાળકોને માતૃભાષામાં ભણાવીશું તો ખમીરી, ખુમારી સાથે ગુજરાતીપણું ખીલી ઉઠશે: રોનક પટેલ

## ગૌરવશાળી ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટે સજાગ-સજ્જ બનીને આપણી મહાન માતળભાષાનો વારસો નવી પેઢીને આપીએ : રાજુભાઈ ધ્રુવ ★ આપણી ગુજરાતી ભાષા પાસે શબ્દોની શક્તિ -સંપત્તિના અખૂટ ખજાનાથી વાંચકો-સમાજને સમળદ્ધ કરીએ : જય વસાવડા

રાજકોટ:
શહેરના એરપોર્ટ રોડ પર આવેલા સરસ્વકતી શિશુમંદિર ખાતે સૌરાષ્ટ્ર સાંસ્કચળતિક પરિષદ દ્વારા ''શબ્દસ વંદના'' કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ પત્રકારત્વુનો નચિકેતા એવોર્ડ વિજેતા એબીપી અસ્મિનતા ગુજરાતી ચેનલના એકઝીકયુટીવ એડિટર રોનક પટેલને શ્રેષ્ઠ પત્રકારત્વદ એવોર્ડ પ્રાપ્ત કરવા માટે અભિવાદન તેમજ જાણીતા લેખક વક્તા જય વસાવડાના વક્ત વ્ય ના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થા ના ચેરમેન અને સૌરાષ્ટ્રવ ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવએ જણાવેલું કે, રોનકભાઈ પટેલને તાજેતરમાં વરિષ્ઠ પત્રકાર શ્રી નગીનદાસ સંઘવીની સ્મૃર્તિ-યાદમાં અપાતા નચિકેતા એવોર્ડથી નવાજવામાં આવ્યો છે સન્માનિત કરવા માં આવ્યાા છે. ગુજરાતી ભાષામાં પ્રથમવાર સમાજજીવન ની સમસ્યા ઓ ને વાચા આપતા ''હું તો બોલીશ''ના ૧૧૦૦ થી વધુ એપિસોડ પ્રસારિત થઈ ચૂકયા છે, તેઓ પોતાના કાર્યક્રમો દ્વારા સમાજ અને સરકાર વચ્ચેજ સેતુ બને છે. તેમની વાતના કેન્દ્ર માં લોકો હોય છે. પત્રકાર ધારે તો લોકસેવક બની સમાજસેવા કરી શકે છે તે તેમણે પુરાવાર કર્યું છે.. તેઓ ખરા અર્થમાં પોતાની રજુઆત દ્વારા સમાજની સેવા કરવાનો અથાગ પ્રયાસ કરે છે તે માટે તેમના અભિવાદન - સન્માતન નો એક નાનો પ્રયાસ આજે આ કાર્યક્રમ દ્વારા આપ સહુના સહકાર દ્વારા સાથે કરવામાં આવ્યોથ છે.

શ્રી ધ્રુવે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતી ભાષાની અસ્મિયતાને પ્રોત્સા હન આપવાનું ઉમદા કાર્ય પણ સાથોસાથ કરે છે. આપણે સૌએ પણ ગૌરવશાળી ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટે સજાગ-સજ્જ બનીને આપણી મહાન માતળભાષાનો વારસો નવી પેઢીને આપવો જોઈએ.

શ્રેષ્ઠ પત્રકારત્વનનો એવોર્ડ મેળવનાર એબીપી અસ્મિપતા ચેનલના એડિટર તથા ગુજરાતી ભાષાના બળકટ ઉદઘોષક રોનક પટેલે તેમના વક્તછવ્ય માં જણાવ્યુંા હતું કે, કોઈપણ ગુજરાતીએ પોતાની માતળભાષાનું સૌથી વધુ સન્માડન કરવું જોઈએ. એક સંપર્કના માધ્યરમ તરીકે વ્યઘકિત-વ્યતકિત વચ્ચે્ વ્યાવહાર કરવા અને સમજવા માટે આપણી માતળભાષાનો ઉપયોગ કરવો જોઈએ. ગુજરાતી ભાષા તરીકે માતળભાષાનું સન્મામન વિશેષ કરવું જોઈએ. હું ગુજરાતી છું તેનો મને ગૌરવ છે. આપણે ભાષા બોલવામાં અને લખવામાં ઘણી ભૂલો કરીએ છીએ. આપણે નવી પેઢીને આપણી ગુજરાતી ભાષાનું ગૌરવ શીખડાવવું પડશે. કયારેક આપણે ખરા અર્થમાં શબ્દહનું સાચું ઉચ્ચા રણ કરી શકતા નથી કે અર્થ સમજાતો નથી

તેમણે આ તકે જણાવ્યું હતું કે, મારે સૌરાષ્ટ્રન-રાજકોટ સાથે લેણું છે. વિદ્યાર્થી સમયમાં મને નિબંધ લેખનમાં પ્રથમ એવોર્ડ રાજકોટથી અપાયેલો છે અને બીજો નચિકેતા એવોર્ડ મોરારીબાપુના હસ્તેથી આ ભૂમિમાં આપવામાં આવેલ છે. તેઓએ જણાવેલ કે ભાષા જાય તો સંસ્કોળતિ જાય છે. આપણા સંતાનોને ભાષાનું મહત્વ સમજાવશું તો સંસ્કથળતિ નહીં ભૂલીએ. આ માબાપ તરીકે આપણી જવાબદારી છે જે આપણે ચૂકી રહ્યા છીએ, આપણી ભાષા આપણા સંસ્કાષર છે.

આ તકે જાણીતા લેખક જય




વસાવડાએ જણાવ્યું હતું કે, આપણી ગુજરાતી ભાષા સાથે આપણી ભૂમિની પણ તાકાત છે. આપણી ગુજરાતી ભાષા પાસે સમળધ્ધ ખજાનો છે. અનેક સર્જકોએ સાહિત્યાની અભૂતપૂર્વ રચનાઓ કરેલ છે. ગોંડલના રાજવી સ્વગ. ભગવતસિંહજીએ ગુજરાતી ભાષાનો ભગવદ ગૌમંડલની રચના કરીને રાજય ભાષા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધેલ હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષામાં વાંચન વધારવા ના ભેખધારી શ્રી હર્ષલભાઈ મણીઆર, જાગનાથ દેરાસરના મંત્રી દિલેશભાઈ શાહ, માહિતી ખાતાના પૂર્વ નાયબ નિયામક અરવિંદભાઈ જોશી, વાંચન ની ઝુંબેશ ચલાવનાર પરેશભાઈ રાજગોર તથા સુનિલભાઈ, ભાવિકભાઈ અગ્રાવત, કિરીટભાઈ પાઠક, હરેશભાઈ જોષી, જુલિયનભાઈ પટેલ, નિર્લોકભાઈ પરમાર, રમેશભાઈ બડમલિયા, મુજજમીલ સુધાગુણીયા, રંજીતભાઈ રાઠોડ, નયનભાઈ રાણપરા, કલ્પે શભાઈ ભટ્ટ વગેરે સહિત બહોળી સંખ્યામમાં સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિ ત રહ્યા હતા

# જામનગર જિલ્લા ભાજપના મહામંત્રીએ રૂપાલાને પત્ર લખતા અનેકવિધ ચર્ચા શરૂ

## ભાજપના મહામંત્રી પ્રવીણસિંહ જાડેજાએ પત્રમાં ઉલ્લેખ કરી કહયું કે, સ્વૈચ્છીક રીતે રાજકોટ બેઠક પરથી હટી જવુ જોઈએ

જામનગર : જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ રાજપુત સેવા સમાજના ટ્રસ્ટી પ્રવિણસિંહ જાડેજાએ પુરુષોત્તમભાઈ રૂપાલાને રાજકોટ લોકસભાની બેઠક પરથી સ્વૈચ્છિક રીતે ખસી જઈને ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને થનાર સંભવિત ગંભીર નુકસાની અટકાવવા માટેનો એક પત્ર પાઠવ્યો હોવાથી ભારે રાજકીય હલચલ મચી ગઈ છે.

રાજકોટની લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલા કે જેઓએ ગત તા ૨૩.૩.૨૪ ના દિવસે એક કાર્યક્રમ દરમિયાન આપેલા નિવેદનને લઈને રાજા રજવાડા અને ક્ષત્રિય સમાજની બહેન દીકરીઓની અસ્મિતા પર પ્રહાર સમાનનું નિવેદન ગણાવી સમગ્ર ગુજરાત રાજ્યભરમાં રાજપૂત સમાજમાં નારાજગી જોવા મળી છે. આવી પરિસ્થિતિ દરમિયાન જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી અને રાજપૂત અગ્રણી પ્રવિણસિંહ જાડેજાએ પરસોત્તમભાઈ રૂપાલાને એક પત્ર પાઠવી સ્વૈચ્છિક રીતે ચૂંટણી પ્રક્રિયામાંથી ખસી જવા અપીલ કરી છે.



તેઓએ વધુમાં જણાવ્યું છે કે, પુરુષોત્તમભાઈ રૂપાલા દ્વારા જે નિવેદન કરાયુંછે, તે મારી દ્રષ્ટિએ ભારતીય જનતા પાર્ટી માટે પણ શિસ્તભંગનું ઉત્તમ ઉદાહરણ છે. કારણ કે, પક્ષ માટે નુકસાનકારક કોઈ વાત કે નિવેદન કરવુ તે પક્ષની શિસ્તબદ્ધતા અને અનુશાસનનો ભંગ સમાન છે. પક્ષના કાર્યકર કે આગેવાનોમાં 'મુજસે બડા દલ, ઓર દલ સે બડા દેશ' એવી પક્ષ તથા રાષ્ટ્ર પ્રત્યેની ભાવના જે કાર્યકર કે આગેવાનમાં હોય, તે જ ભાજપનો સમર્થક, સમર્પિત વફાદાર અને પ્રમાણિક કાર્યકર કહેવાય તેમ જણાવી પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈ, તેમજ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, વગેરેના નિવેદના ટાંકીને તેમજ ભાજપના સંસ્થાપકો પંડિત દિન દયાલ ઉપાધ્યાયજી તથા ડોકટર શ્યામાપ્રસાદ મુખરજીના રાષ્ટ્રવાદી વિચારોને કારણે શિષ્ટબદ્ધતા અને અનુશાસનના કારણે આજે ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે, ત્યારે વાસ્તવિકતા સ્વીકારીને સ્વૈચ્છિક રીતે ઉમેદવારી જતી કરી સમગ્ર ભારતના ક્ષત્રિય સમાજની ગરિમાનું સન્માન કરશો, અને ચૂંટણીમાં પાર્ટીને થનાર ગંભીર નુકસાનીને અટકાવશો, તેવી અપેક્ષા જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી પ્રવિણસિંહ જે. જાડેજાએ પોતાના પત્ર મારફતે વ્યક્ત કરી હતી. જે પત્ર સમગ્ર ગુજરાતભરમાં સોશિયલ મીડિયામાં ફરતો થયો છે, જેથી ભારતીય જનતા પાર્ટી તથા સમગ્ર ક્ષત્રિય સમાજમાં અત્યંત ચર્ચાનો વિષય બન્યો છે.

# ભાણવડના રૂપામોરા ગામે ડાઘિયા કૂતરાઓએ બાળકી પર હુમલો કરી ફાડી ખાંતા મોત

## હાલારમાં ડાઘિયા કૂતરાઓની સમસ્યાથી રાહદારીઓને ત્રાહિમામ : ફાડી ખાધાના અનેક કિસ્સાઓ હોસ્પિટલના ચોપડે નોંધાયા છે

દ્વારકા : હાલારમાં રખડતા કૂતરાઓનો ત્રાસ દિવસે ને દિવસે વધતો જાય છે. ત્યારે રાહદારીઓને કરડી ખાવાના કિસ્સાઓ હોસ્પિટલમાં વધવા લાગ્યા છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે ત્રણથી ચાર ડાઘિયા કૂતરાઓએ એક ૧૦ વર્ષની બાળકી પર હુમલો કરી ફાડી ખાધી હતી. જેમાં બાળકીનું સ્થળ પર જ મૃત્યુ નિપજતા પરિવારમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે.



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે અરેરાટી જગાવનાર બનાવની મળતી વિગત મુજબ ભાણવડના રૂપામોરા ગામે રહેતા અને ખેતમજૂરી કરતા હીરાભાઈ પીપરોત્તરની ૧૨ વર્ષની પુત્રી પૂરીબેન રવિવારે સાંજે પાંચેક વાગ્યાની આસપાસ વાડીએ રમતી હતી ત્યારે અચાનક તેણી પર ત્રણથી ચાર રખડતા શ્વાનોએ હુમલો કર્યો હતો. આથી તેણી ભારે ડરી ગઈ હતી અને બૂમાબૂમ કરી મૂકી હતી. આમ છતાં રખડતા શ્વાનોએ પૂરીબેનને બચકા ભરી લઈ રીતસર પીંખી નાખી હતી. આથી તેણીને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતું. બનાવની જાણ થતાં લોકો એકઠા થઈ ગયા હતા અને લોહીલુહાણ થયેલી પૂરીબેનને સારવારઅર્થે ભાણવડ સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ ત્યાં પણ ફરજ પરના ડોકટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. આ બનાવથી નાના એવા રૂપામોરા ગામમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. ભાણવડ પંથકમાં ભારે અરેરાટી મચી જવા પામી છે. લોકોમાં કૂતરાઓનો ખૌફ વધી રહયો છે. અવારનવાર નાના–મોટા કૂતરાઓના બટકા ભરવાના બનાવો બનતા રહે છે. પરંતુ હવે બાળકોના જીવ સુધી આવી જતાં લોકોમાં ભયનું લખલખું પ્રસર્યું છે. બીજીબાજુ કૂતરા પકડવાની મનાઈ હોવાથી તંત્ર હાથ ઉંચા કરે છે.

# ભાણવડ પંથકમાં સગીરા સાથે દુષ્કર્મ આચરનાર શખ્સને ૨૦ વર્ષની કેદ

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડના શખ્સે એક સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે કેસ ચાલી જતાં પોક્સો અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ભાણવડના પોકસોના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૦,૦૦૦નો ખંભાળીયાની સ્પે. પોકસો કોર્ટ દ્વારા ફટકારવામાં આવી છે.

કિરીટભાઈ હીરાભાઈ સામતભાઈ સોલંકી, ઉ.વ. ૨૮, ર. ભાણવડ આ કામના ફરીયાદીની સગીરવર્ષની દિકરીને સ્કુલે એક્સ્ટ્રા કલાસ માટે સ્કુલે મુકી આવેલ તે દરમ્યાન આરોપી ફરીયાદીની ભોગબનનાર દીકરીને લલચાવી ફોસલાવી બાઈકમાં બેસાડી લઈ ગયેલ અને આરોપીએ તેમના ફોનમાંથી સ્કુલના ટીચરને ફોન કરેલ અને ભોગ બનનાર બીમાર છે તેવુ જણાવેલ શિક્ષકને શંકા જતા ફરીયાદીને ફોન કરેલ અને આરોપી કિરીટભાઈ હીરાભાઈ સોલંકી ફરીયાદીના શું સબંધી છે? તે બાબતે પુછપરછ કરતા ફરીયાદીએ કાંઈ સબંધી નહી હોવાનું જણાવતા. સ્કુલ શિક્ષકે ભોગ બનનારને સ્કુલે મુકી જવા આરોપીને જણાવતા તે દરમ્યાન સ્કુલે ફરીયાદી આવી ગયેલ અને તે દરમ્યાન આરોપી ભોગ બનનારને સ્કુલે મુકવા આવેલ અને ત્યાંથી બાઈક લઈને જતો રહેલ તે વખતે ભોગ બનનારે રડતા રડતા ફરીયાદીને જણાવેલ કે, આજથી આશરે દોઢક માસ પહેલા પણ આરોપી લલચાવી ફોસલાવી કોઈ ગામડે વાડીએ લઈ ગયેલ અને ત્યાં વાડીએ દુષ્કર્મ આચરેલ. જેથી ફરીયાદીએ ભાણવડ પો.સ્ટે.માં તા.૦૪-૦૧-૨૦૨૩ના વિગતવારની ફરીયાદ લખાવેલ જે અંગે ભાણવડ પો.સ્ટેમાં આરોપી વિરુદ્ધ ગુન્હો નોંધી ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવી ગુનાને લગત પુરાવો એકત્ર કરી એડી. સેસન્સ કોર્ટ, ખંભાળીયામાં ચાર્જશીટ કરેલ અને ત્યારબાદ નામ. એડી. સેસન્સ કોર્ટ, ખંભાળીયાના જજ વી. પી. અગ્રવાલ સમક્ષ કેસ ચાલી જતા તકસીરવાન ઠેરવીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૨૦ હજારનો દંડનો હુકમ ફરમાવેલ છે અને ભોગ બનનારને વીટનેસ કમ્પનસેશન સ્કીમ હેઠળ રૂ. ૪ લાખનું વળતર ચુકવવા હુકમ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં મકાનમાં દવા છાંટવા ગયેલા બે યુવાનો પર ચોરીનો આરોપ લગાવી માર માર્યો

## એક યુવાનના પિતાને પણ ઘરે બોલાવી ચોરીનો આરોપ લગાવતા વિષપાન કર્યું

જામનગર : જામનગરમાં જોગર્સ પાર્ક વિસ્તારમાં રહેતા એક વણિક વેપારીના ઘેર ઉધઈની દવા છાંટવા માટે ગયેલા બે શ્રમિક યુવાનો પર મકાન માલિકે ચોરીનો આરોપ મૂક્યો હતો અને અગાઉ પણ ચોરી થઈ હતી. તેનો આરોપ લગાવી માર માર્યો હતો. તેમજ એક યુવકના પિતાને પણ ઘેર બોલાવી માર મારી વિડીયો બનાવ્યો હતો. જેથી તેમને મનમાં લાગી આવતાં ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી મકાન માલિક સામે ગુનો નોંધ્યો છે.



તસવીર: સુનિલ ચુડાસમા

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં દિગજામ વુલન મિલ પાછળ રહેતા અને ઉધઈ મારવાની દવા છાંટવાનું કામ કરતા બ્રિજેશભાઈ સૂર્યપ્રતાપસિંહ રાજપૂત (૪૫) કે જેઓએ ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કરતાં તેઓને સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સિટી બી. ડિવિઝનનો પોલીસ કાફલો જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો અને બ્રિજેશભાઈ ભાનમાં આવ્યા પછી તેનું નિવદન નોંધતાં તેઓએ પોતાને તેમ જ પોતાના પુત્ર આદર્શ તથા પોતાની સાથે દવા છાંટવાનું કામ કરતા વિજયને માર મારી તેના ઉપર કબાટની ચાવીની ચોરી કરવા અંગેનો આક્ષેપ મૂક્યો હોવાથી તેઓના મારકુટ અને ત્રાસના કારણે ઝેરી દવા પી લીધાનું જણાવ્યું હતું. તેથી તેઓની ફરિયાદના આધારે પોલીસે જોગર્સ પાર્ક વિસ્તારમાં રહેતા મકાન માલિક વણીક વેપારી ચિંતન મહેતા સામે આઈપીસી કલમ ૩૨૩,૫૦૪ અને ૫૦૬-૨ મુજબ ગુનો નોંધ્યો છે.

# જામનગરમાં કાર ચાલકે બાઈકને હડફેટે લેતાં યુવાન ઘાયલ

જામનગર : જામનગરમાં અંબર સિનેમા રોડ પરથી પોતાનું બાઈક લઈને પસાર થઈ રહેલા વૈષ્ણવ વણિક વેપારીને એક કારના ચાલકે ઠોકરે ચડાવી ફ્રેક્ચર સહિતની ગંભીર ઇજા પહોંચાડયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં અંબર ટોકીઝ સામેના વિસ્તારમાં રહેતા અને કાપડનો વેપાર કરતા ભરતભાઈ કુંવરિયા નામના વૈષ્ણવ વણિક વેપારી કે જેઓ પોતાનું બાઈક લઈને અંબર સિનેમા



રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી જી.જે. ૧૦ ડી.જે. ૪૪૯૭ નંબરની ટાટા પંચ કાર ના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં ભરતભાઈને ડાબા હાથમાં અને ડાબા પગમાં તેમજ માથાના ભાગે ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. તેઓની જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અકસ્માતના બનાવ અંગે ઈજાગ્રસ્ત વેપારીના પુત્ર દેવેન્દ્ર ભરતભાઈ કુંવારીયાએ સી ટી બી. ડિવિઝન પોલીસ મથકમાં કારચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુરના દુધિયા ગામે આપઘાતનો પ્રયાસ કરનાર પ્રૌઢનું સારવારમાં મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના દુધિયા ગામે એક ૫૫ વર્ષના આધેડે કોઈપણ કારણોસર ઝેરી પાઉડર ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવારમાં તેઓનું મૃત્યુ નિપજયું છે.

કલ્યાણપુર તાલુકાના દુધિયા ગામની સીમમાં રહેતા પાલાભાઈ વજશીભાઈ કંડોરીયા નામના ૫૫ વર્ષના આહિર પ્રૌઢે ગત તારીખ ૩૧ માર્ચના રોજ પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણસર પોતાના હાથે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર ખાઈ લેતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ પરબતભાઈ વજશીભાઈ કંડોરિયા (ઉ. વ. ૫૨)એ કલ્યાણપુર પોલીસને જાણ કરી છે.

# જામનગરના દીવો પેટાવતી વખતે ફલેટમાં આગ લાગતા ફાયરે વૃધ્ધ મહિલાને બચાવ્યા

જામનગર : જામનગરના રણજીત નગર પટેલ સમાજની સામેના ભાગમા આવેલા હાઉસિંગ બોર્ડના મકાનમાં અકસ્માતે આગ લાગી હતી. જેમાં ફ્લેટમાં રહેતા વૃદ્ધા ફસાઈ ગયા હતા. જેને ફાયરની ટીમે સહી સલામત બહાર કાઢી લેતા તેનો જીવ બચી ગયો હતો. ત્યાર બાદ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

જામનગરમાં પટેલ સમાજ પાસે આવેલા હાઉસિંગ બોર્ડના મકાનમાં બ્લોક નંબર બી. ફ્લેટ નંબર ૧૬૨માં ગઈકાલ રવિવારે મોડી સાંજે અકસ્માતે આગ લાગી હતી.અને ગાડલનો ભાગ સળગવાથી ધુમાડાના



ગોટા જોવા મળ્યા હતા. આ બનાવ અંગે દર્શનભાઈ પાલાએ ફાયરને જાણ કરતા સ્ટાફના હાર્દિકસિંહ, ભારત જેઠવા, અશ્વિન રાઠોડ, સંજય દેથળીયા, સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. અને ફ્લેટમાં રહેતા સાવિત્રીબેન પાલા નામના વૃદ્ધા કે જેઓ ગાદલા પર દિવા રાખીને પેટાવતા હતા, અને આગ લાગવાથી ધુમાડાના ગોટાની વચ્ચે ફસાયા હતા. જેથી ફાયર બ્રિગેડના સ્ટાફે તેમને સહી સલામતી રીતે બહાર કાઢી લીધા હતા. અને તેઓનો બચાવ થયો હતો. ત્યારબાદ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી પરંતુ તે પહેલા આગમાં ઘરવખરીનો કેટલો માલ સામાન સળગી ગયો હતો.

# જામનગરમાં તત્કાલિન સબ પોસ્ટ માસ્તરને ૩૦ વર્ષ જૂના નાણા ઉચાપત કેસમાં ૪ વર્ષની જેલ

જામનગર : જામનગર પોસ્ટ ઓફિસમાં અગાઉ ફરજ બજાવતા સબ પોસ્ટ માસ્તરને ૩૦ વર્ષ જૂના નાણા ઉચાપતનો કેસ ચાલી જતા અદાલતે આરોપીને ચાર વર્ષની જેલની સજાનો હુકમ કર્યો છે.

જામનગરમાં ગુલાબનગર પોષ્ટ ઓફિસમાં સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા રમેશભાઈ મોતીભાઈ વણકર સામે આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ મગનભાઈ લાલજીભાઈ ટીલવાએ વર્ષ ૧૯૯૪માં જુદા જુદા રોકાણકારો પાસેથી કિસાન વિકાસ પત્રોના નાણા મેળવી તેઓની પાસબૂકમાં રકમ જમા કરી આપી, પરંતુ સરકારી રેકર્ડમાં જમા નહીં કરાવીને રૂા. ૧,૬૬,૨૮૦ની ઉચાપત કરી હોવાની અને રેકર્ડમાં છેકછાક કરી ઉચાપતની રકમ અંગત ઉપયોગમાં વાપરી નાખવા અંગે અહીંના સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકાર પક્ષે સરકારી વકીલ ડી. એસ. ગોંડલિયા દ્વારા થયેલી રજૂઆતો તેમજ કેસમાં રજૂ થયેલા રેકર્ડના પૂરાવા, નિવેદનો સહિતની વિગતો ધ્યાને લઈને બન્ને પક્ષોને સાંભળ્યા બાદ આરોપી અવા ગુલાબનગર પોષ્ટ ઓફિસના પૂર્વ પોસ્ટ માસ્તર રમેશભાઈ વણકરને ચાર વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૨૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવા હુકમમાં જણાવાયું છે.

# જામનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી સંદર્ભે ચેકપોસ્ટો ઉભી કરાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : લોકસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જામનગર જિલ્લા પોલીસમાં સતર્કતા જોવા મળી છે. જિલ્લામાં અલગ-અલગ જગ્યા પર ચેકપોસ્ટ શરૂ કરવામાં આવી છે. જ્યાંથી પસાર થતાં તમામ વાહનોનું પોલીસ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

લોકસભા ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત જાહેર કરાયેલાં જાહેરનામા અંતર્ગત જામનગર જિલ્લાનું પોલીસ તંત્ર સતર્ક થઈ ગયું છે. જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલા અને ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.બી.દેવધાની સુચનાથી જામનગર-લાલપુર ચોકડી, મહાપ્રભુજીની બેઠક નજીક, ખીજડીયા બાયપાસ, ઠેબા બાયપાસ, ધ્રોળ હાઈવે, સમર્પણ સર્કલ, સિક્કા પાટીયા, જામજોધપુર, કાલાવડ, લાલપુર ગ્રામ્ય વિસ્તાર અને ગુલાબનગર વિસ્તારમાં અલગ-અલગ મુખ્ય માર્ગો પર ચેકપોસ્ટ શરૂ કરવામાં આવેલી છે. જે ચેક પોસ્ટ પરથી પસાર થતાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ચેકિંગ દરમિયાન કારમાં બ્લેક ફિલ્મ, અનઅધિકૃત રીતે થતી દારૂની અને નાણાંની હેરફેર તેમજ અન્ય કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવા માટેની કામગીરી ચેકપોસ્ટ પર કરવામાં આવી રહી છે. લાલપુર ચોકડી ચેકપોસ્ટ પર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ નિકુંજસિંહ ચાવડા સહિત સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે ચેકપોસ્ટ પર બોડીવોન કેમેરા સાથે પોલીસ પણ સજ્જ જોવા મળી રહી છે, અને પસાર થતા તમામ વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, તેમજ વાહન ચાલકો સાથે સરાહનીય વર્તન કરવા માટે પણ ઉચ્ચ પોલીસના અધિકારીઓ દ્વારા પોલીસ પ્રશાસનના તમામ ચેક પોસ્ટ પર તૈનાત પોલીસ કર્મીઓને સૂચના પણ આપવામાં આવી છે.

# જામનગર-સિક્કા હાઈવે પર બાઈક રેસ પર જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-સિક્કા રોડ પર બાઈક રેસ લગાવી રૂપિયાની હારજીતનો જુગાર રમી રહેલા ચાર શખ્સોને સિક્કા પોલીસે જીપમાં પીછો કરી ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને બાઈક વગેરે કબજે કર્યા છે.

જામનગર-ખંભાળિયા હાઈવે રોડ પર કેટલાક શખ્સો રવિવારની સાંજે બાઇકની રેસ લગાવી પૈસાની હારજીત કરી જુગાર રમી રહ્યા છે, તેવી બાતમી સિક્કા પોલીસને મળી હતી. જેથી સિક્કા પોલીસે વોચ ગોઠવી હતી, અને બાઈકની રેસ લગાવી રહેલા ચાર બાઈકરોને પોલીસ જીપ દ્વારા પીછો કરી આંતરી લીધા હતા, અને ચારેયની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા બે હજારની રોકડ રકમ તથા ૪ મોટર સાયકલ સહિતની માલમતા કબજે કરી સિક્કાના અલ્તાફ અકબરભાઈ બારોયા, કારા ભુંગાના રવિ ગોપાલભાઈ ચૌહાણ, ગરીબેનવાજ ચોક સિક્કામાં રહેતા એલીયાસ સલીમભાઈ હુંદડા તેમજ સરમત નાગાણી પીરની દરગાહ પાસે રહેતા સાલેમામદ દોસમામદ ગંઢારની અટકાયત કરવામાં આવી છે.

# ભાણવડના કાટકોલા ગામે કૂવામાં પડી જતાં યુવાનનું નિપજયુ મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના કાટકોલા ગામે મોટર ચાલુ કરવા જતાં યુવાન અકસ્માતે કૂવામાં પડી જતાં ગંભીર ઈજા થવાથી તેમનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

ભાણવડ તાબેના કાટકોલા ગામના વાડી વિસ્તારમાં રહેતા ભરતભાઈ ગોવિંદભાઈ ડાંગર નામના ૨૩ વર્ષના યુવાન ગઈકાલે રવિવારે પોતાની વાડીએ પાણીની ટાંકી ભરવા માટે કુવા પાસે મોટર ચાલુ કરવા જતા અકસ્માતે તેમનો પગ લપસી ગયો હતો. જેના કારણે તે કૂવામાં પડી જતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા સાથે કુવામાં ડૂબી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે ગોવિંદભાઈ જેતસીભાઈ ડાંગર (ઉ.વ. ૪૫)એ ભાણવડ પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# ધ્રોલના સુમરા ગામે વાડો પરત નહિ આપતા મહિલાએ રાઈના ખેતરમા આગ ચાંપી

જામનગર : ધ્રોલ તાલુકાના સુમરા ગામેં ખેતરમાં રાઈના ભૂકામા એક મહિલાએ આગ લગાડી હતી. પતિએ વેચાણ કરેલો વાડો પરત મેળવવા માટે તેણીએ આગ લગાડી હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

ધ્રોલ તાલુકાના સુમરા ગામના છગનભાઈ હમીરભાઈ જાદવ નામના ૬૦ વર્ષના ખેડૂત પુત્રના ખેતરમાં રાઈના ભુક્કામા પડધરી ગામની લીલાબેન મંગાભાઈ જાદવ નામની મહિલા આગ ચાપી હતી. આથી રાઈનો ભુક્કો સળગી ગયો હતો. આ બનાવ અંગે છગનભાઈ હમીરભાઈ જાદવએ તેણી સામે પોલીસમા ફરિયાદ નોંધાવી છે. જેમાં એવું કારણ આપવામાં આવ્યું છે કે છગનભાઈના પુત્રએ આરોપી મહિલાના પતિ પાસેથી વાડો વેચાતો લીધો હતો. જે પરત મેળવવા માટે લીલાબેન જાદવ ગઈકાલે સુમરા ગામે આવી હતી. અને છગનભાઈના પુત્રને ગાળો કાઢી હતી અને તેમના પત્નીને માર માર્યો હતો. ત્યાર પછી રાત્રે તેના પુત્રના ખેતરમાં આગ લગાડી દીધી હતી. આ બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રમાં સવારથી સૂર્યપ્રકોપઃ રાજકોટમાં ૪૧ ડિગ્રી

## મહત્તમ તાપમાનમાં સતત વધારો થતા બપોરે રસ્તાઓ સુમસામ



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ?માં આજે સવારથી આકરા તાપથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. સવારથી સૂર્યપ્રકોપ થતા આકરો ઉનાળો શરૂ થયો છે.

રાજકોટમાં બપોરે હવામાં ભેજ ૧૫ ટકા રહ્યો હતો અને ૮ કીમીએ પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાતા અંગ દઝાડતી લુ પણ અનુભવાઈ હતી. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આજથી શરૂ થયેલી કાળઝાળ ગરમી આવતા ગુરૂવાર સુધી યથાવત રહેશે અને ઠેરઠેર મહતમ તાપમાન ૪૨ ડીગ્રી સુધી પહોંચી જશે. જોકે તા.૧૨ અને ૧૩ મીએ ફરી વાતાવરણ પલટાશે અને વેસ્ટર્ન ડીસ્ર્ટબન્સના કારણે રાજયમાં કમોસમી વરસાદ પડશે.

રાજકોટમાં ભેજવાળા વાતાવરણ વચ્ચે બફારો અનુભવાયો હતો. આજે સવારે ૮-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૬.૮ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૮ ડીગ્રી નોંધાયુ હતું. જયારે હવામાં ભેજ ૭૨ ટકા રહ્યો હતો તેમજ પવનની સરેરાશ ઝડપ ૮ કી.મી.રહેવા પામી હતી.

જુનાગઢમાં સવારથી સૂર્યપ્રકોપ શરૂ થઈ જતા લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યાં છે.રવિવાર બપોરે જુનાગઢનું મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી રહ્યા બાદ આજે સવારે લઘુત્તમ તાપમાનનો પારો ૨૩.૩ ડિગ્રીએ સ્થિફર થયો હતો. જયાતરે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા રહ્યું હતું અને પવનની પ્રતિ કલાકની ઝડપ ૩.૩ કિલોમીટર રહી હતી. સવારે ભેજને લઈ ઠંડક રહ્યા બાદ બપોરની શરૂઆત થતા નહી સાથે જ આકાશમાંથી અગન ગોળા ફેંકાવવાનું શરૂ થઈ ગયું હતું. ગરમી અને બફારોને લઈને લોકો પરેશાન થઈ ગયા હતા. જામનગરમાં લઘુતમ તાપમાન ૨૪, મહત્તમ તાપમાન ૩૪, ભેજનું પ્રમાણ ૯૫ ટકા, પવનની ગતિ ૧૦ કિ. મી. રહી હતી.

# રાજકોટમાં શ્વાન ભૂરાયા થયા : ગત માર્ચમાં ૧૨૦૮ લોકોને બચકાં ભરી લીધા

## હડકવાથી એન્ટી રેબીસ વેકસીનના ચાર ડોઝ લેવા ફરજિયાત

રાજકોટ,

રાજકોટ શહેરમાં તાજેતરમાં પૂરા થયેલા માર્ચ મહિનામાં એકાએક લોકોને શ્વાન કરડવાના બનાવોમાં ઉછાળો આવ્યો છે. મહાપાલિકાના સત્તાવાર સુત્રોમાંથી મળતી વિગત મુજબ માર્ચ મહિનામાં રાજકોટમાં ૧૨૦૮ લોકોને શ્વાનો કરડયા હતા જે આંકડો અગાઉના એટલે કે ફેબ્રુઆરી મહિનામાં ૧૧૭૧ નોંધાયા હતા. મનપાના રેકર્ડ મુજબ ઓકટોબર મહિનામાં ૧૧૯૨, નવેમ્બરમાં ૧૨૫૮, ડિસેમ્બરમાં ૧૩૩૪ અને જાન્યુઆરી મહિનામાં ૧૩૭૩ કેસ નોંધાયા હતા. ફેબ્રુઆરી મહિનામાં આંકડો ઘટયો હતો. પરંતુ એકાએક માર્ચ મહિનામાં ડોગ બાઈટીંગના કેસ વધ્યા છે.

મહાપાલિકાના આરોગ્ય કેન્દ્રો, સિવિલ હોસ્પિટલ અને પદ્મકુંવરબા હોસ્પિટલમાં હડકવા વિરોધી રસી આપવામાં આવે છે. એન્ટી રેબીસ વેકસીનના ચાર ડોઝ લેવાથી હડકવાથી બચી શકાય છે. સરકારી દવાખાનાઓ અને આરોગ્ય કેન્દ્રોમાં આ વેકસીનના ડોઝ ઉપલબ્ધ હોય છે. ફેબ્રુઆરી બાદ ડોગ બાઈટના કેસ ઘટે છે. પરંતુ માર્ચમાં આ કેસ વધ્યા છે. હવે તો ઉનાળામાં મોડી રાત સુધી લોકો બહાર હોય છે અને કામ પરથી પરત ફરતા લોકો દરરોજ મોડેથી ઘર તરફ જતા હોય છે. આવા સંજોગોમાં ગરમીમાં પણ શ્વાનો ભુરાયા થતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે. ડોગ બાઈટના કેસની વિગત જોતાં ઓકટોબર ૧૧૯૨, નવેમ્બર ૧૨૫૮, ડિસેમ્બર ૧૩૩૪, જાન્યુઆરી ૧૩૭૩, ફેબ્રુઆરી ૧૧૭૧, માર્ચ ૧૨૦૮ નોધાઈ છે.

# રાજકોટ વધુ ૧૧૩ દુકાનદારો પાસેથી ૧૬૮ કિલો પ્લાસ્ટીક જપ્ત : દંડ વસૂલાયો

## પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ અને ગંદકી કરનાર પાસેથી રૂા. ૩૪ હજારનો વહીવટી ચાર્જ વસૂલાયો



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૧૩ પાસેથી ૧૫.૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૪,૧૦૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોમ હતો.

આ અંગે મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ સોલીડ વેસ્ટ શાખા દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત જોતાં સેન્ટ્રલ ઝોન : સેન્ટ્ર્લ ઝોનના વિવિધ મુખ્યઆ માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૭ આસામીઓ પાસેથી ૬.૮૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩,૯૦૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનઃ વેસ્ટા ઝોનના વિવિધ મુખ્યા માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાગસ્ટીરકનું વેચાણ કરતા ૩૨ આસામીઓ પાસેથી ૪.૬૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૯,૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ, ઝોન : ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૪.૩૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૦,૭૫૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્તપ કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર, સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેર/ સેનેટરી સબ ઈન્પકટર દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ જાહેર પાર્કિંગમાંથી વાહનો ચોરતો વાંકાનેર પંથકનો શખ્સ પકડાયો

## રાજકોટ, અમદાવાદ, ખેડાના ૮ ગુના કબુલી છ ચોરાઉ વાહનો કાઢી આપ્યા



રાજકોટ,

રાજકોટ એલસીબી ઝોન-૨ ટીમના હેડકોન્સ . રાહુલભાઈ ગોહેલ, કોન્સા. જયપાલસિંહ સરવૈયા અને અમીનભાઈ ભલુરની બાતમી પરથી લાલજી કરસનભાઈ માલકીયા (ઉ.વ.૪૭-રહે. નવા કણકોટ તા. વાંકાનેર)ને એક બાઈક સાથે પકડી લેવાયા બાદ વિશેષ પુછતાછ થતાં તેણે છેલ્લા સાત મહિનામાં રાજકોટ, અમદાવાદ, ખેડામાંથી મળી ૮ વાહનો ચોરી કર્યાનું કબુલતાં તેની પાસેથી રૂા. ૨,૨૫,૦૦૦ના ૬ વાહનો કબ્જો કરાયા છે.

છુટક મજૂરી કરતો આ શખ્સે રાજકોટ શહેર આજુબાજુના વિસ્તારમાં નોકરી રોજગાર માટે અપડાઉન કરતાં લોકો જે સવારે જાહેર પાર્કિંગમાં વાહનો પાર્ક કરીને જતાં હોય તેના પર વોચ રાખતો હતો.

આવા લોકો વાહન પાર્ક કરી પછી સાંજે કે રાતે પરત આવતાં હોય છે. આવા વાહનોમાં જેમાં હેન્ડલ લોક ન હોય તે પોતે ચોરી લેતો હતો. આ રીતે તેણે રાજકોટના હોસ્પિટલ ચોકના પૂલ નીચે પાર્કિંગમાંથી, માધાપર ચોકડી ઓવરબ્રીજ પાસેના પાર્કિંગમાંથી તથા આજીડેમ ચોકડી, રવિવારી માર્કેટ પાસેથી સુર્યારામપરા ગામેથી, બામણબોર ટોલનાકા પાસેથી, કુવાડા ચોકડી, ગ્રીનલેન્ડર ચોકડી અને ગુંદાળા ગામ પાસેથી આઠ વાહનો છેલ્લા સાત મહિનામાં ચોરી કર્યા હતાં. રાજકોટ, અમદાવાદ અને ખેડામાં નોંધાયેલા છ ગુના ડિટેક્ટઠ થયા છે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈની સુચના અનુસાર પીએસઆઈ આર. એચ. ઝાલા, હેડ કોન્ટ. બલ વીરેન્દ્રસિંહ ઝાલા, મૌલિકભાઈ સાવલિયા, રાહુલભાઈ ગોહેલ, હરપાલસિંહ જાડેજા, કોન્ટેબલ જેન્તી્ગીરી ગોસ્વામી, જયપાલસિંહ સરવૈયા, અમીનભાઈ ભલુર, ધર્મરાજસિંહ ઝાલા સહિતે આ કામગીરી કરી હતી.

# રાજકોટના શિવાજી પાર્કમાં શિક્ષીકાનું હૃદય બેસી જતાં મોત

રાજકોટ,

રાજકોટના રૈયા રોડ પર અલ્કાપુરી નજીક શિવાજી પાર્કમાં રહેતાં શિક્ષીકાનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ થયું છે.

આ બનાવની વિગત મુજબ રાજકોટના શિવાજી પાર્કમાં રહેતાં જીજ્ઞાબેન રાકેશભાઈ દેસાઈ (ઉ.વ.૪૯) સવારે છએક વાગ્યે ઘરે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમને તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં અરેરાટી વ્યાપિ ગઈ હતી. હોસ્પિડટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ પટેલ અને તૌફિકભાઈ જુણાચે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.મૃત્યુ પામનાર જીજ્ઞાબેનને સંતાનમાં એક પુત્ર છે. પતિ રાકેશભાઈ નરેન્દ્રભાઈ દેસાઈ સંગીતનું કામ કરે છે. જીજ્ઞાબેન હડમતીયા ગોલીડા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવતાં હતાં. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

# રાજકોટના કાળીપાટમાં કાકા- ભત્રીજા પર ૮ શખ્સોનો ધોકા-પાઈપથી હુમલો : રાયોટીંગ-ધમકીનો ગુનો નોંધ્યો



રાજકોટ,

રાજકોટના ત્રંબા નજીકના કાળીપાટ ગામે રહેતાં કાકા-ભત્રીજા પર ગામના જ નવ લોકોએ ગેરકાયદે મંડળી રચી ધોકા-પાઈપથી હુમલો કરી માર મારતાં બંનેને સારવાર માટે ખસેડાયા હતાં. છોકરો શેરીમાંથી બાઈક લઈને નીકળતો હોઈ તેને ના પાડી ગાળો દીધા બાદ આ છોકરાના પિતા અને પિત્રાઈ પર હુમલો થયો હતો.

જાણવા મળ્યા મુજબ કાળીપાટ રહેતાં અને કારખાનામાં કામ કરતાં સુરેશભાઈ વાલજીભાઈ લુણસીયા (ઉ.વ.૩૫) તથા તેના ભત્રીજા યોગેશ પ્રેમજીભાઈ લુણસીયા (ઉ.વ.૨૩) પરા રાતે ઘર પાસે હતાં ત્યારે ધોકા-પાઈપથી હુમલો કરી ઢીકાપાટુ પણ મારવામાં આવતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ પટેલ, તૌફિકભાઈ જુણાચે આજીડેમ પોલીસને જાણ કરતાં પીઆઈ એ. બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એચ. જે. સોલંકીએ કાર્યવાહી કરી હતી. સુરેશભાઈની ફરિયાદ પરથી જયંતિ ચનાભાઈ ચાણપા, બીપીન ચનાભાઈ, અનિલ મનુભાઈ ચાણપા, શંકર ચાણપા, પરેશ ભુરાભાઈ ચાણપા, રમેશ ચાણપા, શારદાબેન જયંતિભાઈ, જાગુબેન અને હિરેન હરેશભાઈ વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો નોંધ્યો હતો.

સુરેશભાઈના કહેવા મુજબ તેનો પુત્ર ક્રિશ બાઈક લઈને જતો હોઈ જયંતિ સહિતે તેને અહિથી નીકળવું નહિ તેમ કહેતાં સુરેશભાઈ સમજાવવા જતાં જયંતિ સહિતે તારા પુત્રને શેરીમાંથી બાઈક ન ચલાવે તેમ કહી દેજે તેવું કહી ઝઘડો કરી ગાળાગાળી કરી મારી નાખવાની ધમકી આપી હુમલો કર્યો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# રાજકોટના દારૂના ગુન્હામાં બે વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

રાજકોટ,

લોધીકાના દારૂના ગુન્હ્માં બે વર્ષથી વોન્ટેડ આરોપીને રૂરલ એલસીબીએ મહારાષ્ટ્રોના પૂણેથી ઝડપી લીધો હતો.

પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડે લોકસભા સામાન્યો ચુંટણીમાં કાયદો અને વ્યબવસ્થારની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે ડ્રાઈવનું આયોજન કરેલ હોય તે અન્વનયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય ના પોલીસ ઈન્સંપેકટર વી. વી. ઓડેદરા પો.સબ ઈન્સ . એચ. સી. ગોહીલ તથા ડી. જી. બડવાના માર્ગદર્શન મુજબ એ.એસ.આઈ. રવિદેવભાઈ બારડ, પો. કોન્સ . પ્રકાશભાઈ પરમાર તથા મથુરભાઈ વસાણીએ ''ઈ-ગુજકોપ''ની મદદથી લોધીકા પોલીસ સ્ટેશિનના પ્રોહિ. કલમ ૬૫એઈ, ૧૧૬બી, ૮૧ મુજબના ગુન્હા માં બે વર્ષથી નાસતા-ફરતા આરોપી દિનેશકુમાર રામલાલ રૂગનાથરામ બીશ્નોપઈ ઉ.વ. ૨૮ ધંધો મજુરી રહે. બાવરલા વિષ્ણુનગર તા. જી. સાંચોર રાજય રાજસ્થાપન હાલ રહે. પૂણે શહેર ટીંગળેનગર ક્રીશ્નો એપાર્ટમેન્ટ શેરી નં. ૧૩ પૂણે રાજય મહારાષ્ટ્રને પૂણેથી દબોચી લઈ લોધીકા પોલીસના હવાલે કરાયો હતો.

# વિંછીયા પાસે જીવદયા પ્રેમીઓએ ૧૩૯ ભુંડને કતલખાને જતા મુકત કરાવ્યા

રાજકોટ,

વિંછીયાના પાળીયાદ રોડ પર ટ્રકમાં ૧૪૭ ભુંડને ખીચોખીચ ભરીને કતલખાને લઈ જતા બે શખ્સોયને વિંછીયા પલીસે પકડી લઈ ૧૪૭ ભુંડને મુકત કરાવ્યા હતા.મળતી વિગત મુજબ વિંછીયાના પાળીયાદ રોડ પરથી એક ટ્રકમાં ભુંડને ખીચોખીચ ભરીને નીકળવાના હોવાની બાતમી મળતા પોલીસે પાળીયાદ રોડ પરથી જીજે.-૩-બી ડબલ્યુર-૮૮૩૨ નંબરના ટ્રકને રોકી તલાશી લેતા ટ્રકમાંથી ૧૪૭ ભુંડને મુકત કરાવી ટ્રકમાંથી રાજસ્થા નના જાલીયા ગામના છોટુલાલ સવાલાલ ભુરજી અને જગમાલપુરાના ગુલાબરામ રાજુરામ ભાંડ તથા યુપીના રવી મુન્નાસલાલને પકડી લીધા હતા.

જૈન અગ્રણી જીવદયા પ્રેમી કેતનભાઈ સંઘવીને બાતમી મળી હતી કે જૂનાગઢ વંથલી થઈ જી.જે. ૩ બી.ડબ્લ્યુ ૮૮૩૨ વાળો ટ્રેક ગેરકાયદેસર કતલના ઈરાદે ભૂંડ જીવ નંગ અંદાજે ૧૫૦ જેટલા ભરી ને વીંછીયા તરફ આવે છે.જેથી?કેતનભાઈ દ્વારા કૃપા ફાઉન્ડેતશનને જાણ કરવામાં આવી એની તરતજ કૃપા ફાઉન્ડોશન ની ટીમ વીંછીયા જવા રવાના થઈ અને વોચ ગોઠવી રાત્રી ના એક ૧ વાગ્યા આસ પાસ બાતમી ના આધારે શંકાસ્પાદ ટ્રક નીકળતા વીંછીયા ચેકપોસ્ટ પર પ્રોટેકશન સાથે ટ્રક ને રોકતા અંદર નાના મોટા ભૂંડ જીવ નંગ ૧૪૭ મળી આવ્યાન જેમાંથી ૮ જીવ મરણ પામેલ હતા વીંછીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ચોરીઓના ગુનામાં સામેલ બે તસ્કરો પાસામાં ધકેલાયા : જેલ હવાલે



રાજકોટ,

રાજકોટમાં ચોરી કરવાની ટેવ ધરાવતા બે શખ્સોકને પાસા તળે અટકાયતા કરી જેલમાં ધકેલી દેવાયા છે.

દૂધ સાગર રોડ પર ગુ.હા. બોર્ડ રિધ્ધીસ સિધ્ધી સોસાયટી-૧૦ બ?લોક નં. ૧૦૦૫મા રહેતો સલિમ ઉર્ફ શાહુ ગુલાબભાઈ કુરેશી (ઉ.વ.૧૯) અને ભાવનગર રોડ રાજમોતી મીલ પાસે મફતીયાપરામાં રહેતો સમીર ઉર્ફ સમલો હનીફભાઈ અગવાન (ઉ.વ.૩૦) બંને બી-ડિવીઝન, મેટોડા, ગાંધીગ્રામ, થોરાળા, આજીડેમ પોલીસના અલગ અલગ ચોરીઓના ગુનામાં અગાઉ પકડાયા હોઈ પોકેટ કોપ એપ, ઈ-ગુજકોપમાં ગુનાહિત ઈતિહાસ ચકાસી બંનેને પાસામાં ધકેલવાની દરખાસ્ત કરવામાં આવતાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે તે મંજુર કરતાં અમદાવાદ અને મહેસાણા જેલહવાલે કરાયા છે. જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં પીઆઈ સંજયસિંહ એમ. જાડેજા તથા સર્વેલન્સપ સ્વોરમ ડે વોરન્ટની બજવણી કરી હતી.

# રાજકોટના મનહરપુર-૧ માં ઉછીના રૂપિયા બાબતે દંપતી પર સાઢુભાઈ સહિત ત્રણનો હુમલો

રાજકોટ.

રાજકોટના મનહરપુર-૧ માં આઈ માતાનગર શેરીમાં ઉછીના આપેલા દોઢ લાખ રૂપિયા પરત માંગતા દંપતી પર સાઢુભાઈ સહિત ત્રણ શખ્સએ તવી અને પાઈપથી હુમલો કરતાં દંપતીને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે મનહરપુર-૧ માં આઈ માતાનગર શેરી નં.૭ માં રહેતાં રાણાભાઈ અવધુભાઈ શર્મા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રણવીજય શર્મા, સુનિલ શર્મા, બ્રિજેશ શર્માનું નામ આપતાં યુનિવર્સિટી પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કલરકામની મજૂરી કામ કરે છે. ગઈ રાત્રિના દશેક વાગ્યાની આસપાસ તેમના મારા મોબાઈલમાં તેના સાઢુભાઈ રણવિજય શર્માનો ફોન આવેલ અને કહેલ કે, હું તમારા પૈસા લઈને ભાગી નથી જવાનો તેમ કહી ગાળો દેવા લાગેલ જેથી તેને શા માટે ગાળો આપો છો હું તમારા ઘરે આવું છું તેમ કહી ફોન કાપી નાખેલ બાદ તેઓ પત્ની અને પુત્રી સાથે આગળની શેરીમાં રહેતાં સાઢુભાઈના ઘર પાસે ગયેલ હતાં.

તેઓના સાઢુભાઈને અકસ્માત થયેલ ત્યારે તેના સારવાર માટે દોઢ લાખ રૂપિયા આપેલા અને તે પૈસા પાછા આપેલા ન હોય જેથી તેને કહેલ કે, તમો પૈસા આપતા નથી અને ગાળો આપો છો શા માટે? તેમ કહેતા રણવિજય શર્મા, સુનીલ શર્મા અને બ્રિજેશ શર્મા હાથમાં લોખંડનો સળીયો અને પાઈપ લઈ આવી હુમલો કર્યો હતો.